
વાણછા વિનાના વડલા

# મહાદેવભાઈ દેસાઈ

નારાયણ દેસાઈ



GJ
891.470 92
D 451 M

શ્રી મહાદેવભાઈ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ
અમદાવાદ

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

વણછા વિનાના વડલા

# મહાદેવભાઈ દેસાઈ

નારાયણ દેસાઈ

શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ, ગુજરાત
ગાંધી સ્મારક સંગ્રહાલય, હરિજન આશ્રમ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૭

| | | |
|---|---|---|
| મહાદેવભાઈ દેસાઈ: સત્ત્વ અને સાધના | ચંદ્રકાન્ત શેઠ | ૧૦-૦૦ |
| કિશોરલાલ મશરૂવાળા | કેતકી બલસારી | ૧૦-૦૦ |
| મીરાંબહેન | જયન્ત પંડ્યા | ૮-૦૦ |
| વણછા વિનાના વડલા: મહાદેવભાઈ દેસાઈ | નારાયણ દેસાઈ | ૮-૦૦ |
| ગાંધીઅર્થવિચારના પ્રખર ભાષ્યકાર: ડૉ. જે. સી. કુમારપ્પા | મગનભાઈ જો. પટેલ | ૭-૦૦ |
| નરહરિભાઈ પરીખ | વનમાળા દેસાઈ | ૭-૦૦ |

૭ પુસ્તકોનો સંપુટ: ચાળીસ રૂપિયા

GJ
891.470.92
D451m

Acc. No. 130330
Date 13-9-2010

પ્રથમ આવૃત્તિ: જુલાઈ, ૧૯૯૪
પ્રત: ૨,૦૦૦

કિંમત: આઠ રૂપિયા

© નારાયણ દેસાઈ

પ્રકાશક:
અમૃત મોદી
મંત્રી, શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ, ગુજરાત
ગાંધી સ્મારક સંગ્રહાલય, હરિજન આશ્રમ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૭ ટેલિફોન: ૪૮૩૬૭૭

મુદ્રક:
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

મુખ્ય વિક્રેતા:
નવજીવન ટ્રસ્ટ
પો. નવજીવન, અમદાવાદ-૩૮૦ ૦૧૪

Library IIAS, Shimla
GJ 891.47092 D 451 M
00130330

# પ્રકાશકનું નિવેદન

શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિએ સ્વ. મહાદેવભાઈની જન્મશતાબ્દીની ઉજવણી સાથે, એ અરસામાં જેમની જન્મશતાબ્દી આવતી હોય તેવા ગાંધીજનોની જન્મશતાબ્દી પણ ઊજવવી એમ નક્કી કરેલું. તેની સાથે જ એ ગાંધીજનોના જીવન અને કાર્યનો પરિચય કરાવતી પુસ્તિકાઓ પણ પ્રસિદ્ધ કરવાનું ઠરાવેલું.

તે મુજબ સ્વ. મહાદેવભાઈના જીવન અને કાર્યનો પરિચય કરાવતી આ પુસ્તિકા શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. જન્મશતાબ્દી વટાવી ચૂકેલા આ ગાંધીજનોની પુસ્તિકાનો સંપુટ વાચકો માટે ઉપયોગી થઈ પડશે અને તેને યોગ્ય આવકાર મળશે એવી સમિતિને શ્રદ્ધા છે.

તા. ૩૦-૮-'૯૪

મારા પિતાને હું કાકા કહેતો. અહીં પણ તેમ જ કહીશ.

કાકા એક સાધારણ પિતા હતા. પિતા અને પુત્ર વચ્ચે જો તેત્રીસ વર્ષનું અંતર હોય તો બે પ્રકારના સંબંધ બની શકે. કાં તો પિતા-પુત્ર વચ્ચે એટલી આમન્યાઓનો સંબંધ હોય કે બાપની સામે દીકરો બોલતાં પણ સંકોચ કરે. ગઈ પઢીનું એ લક્ષણ હતું. કાં તો બાપ દીકરાને એટલું લાડ લડાવે કે દીકરો બાપની ભાગ્યે જ કોઈ વાત માને. નવી પેઢીનું એ લક્ષણ છે. કાકા અને મારી વચ્ચે આ બંને પ્રકારના સંબંધ નહોતા. હા, નાનપણમાં મને એમના ખભા પર ચડતો કે પીઠ પર વળગતો જોઈને એક ધનવાન કુટુંબની દીકરીએ કહેલું કે, એકનો એક દીકરો છે, એટલે મહાદેવભાઈએ લાડ લડાવીને દીકરાને બગાડી મૂકયો છે. કાકાએ એના જવાબમાં કહેલું કે, ‘આ દીકરા પાસે રમવાનું સાધન બાપની પીઠ જ છે, બગાડવાનો તો મને અવકાશ જ કયાં મળે છે?’

નાનપણનું મુખ્ય સ્મરણ મને એ જ છે કે કાકા પાસે અવકાશ જ કયાં હતો? કાં બ્રિટિશ સરકારની જેલમાં હોય, કાં ગાંધીજી સાથે રેલમાં. એટલે વરસને વચલે દિવસે સાબરમતી આશ્રમમાં આવે ત્યારે અમારે (બા, ફુઈ અને મારે) મન જાણે દશેરા – દિવાળીનો ઉત્સવ જ થઈ રહેતો. શિક્ષણશાસ્ત્રી એ. એસ. નીલે કહ્યું છે કે, ‘મોટી પેઢી અને નાની પેઢી વચ્ચે જો આદર(respect)નો સંબંધ હોય તો સમજવું કે આદરમાં ભય (fear) સમાયેલો જ છે. કાકા વિશે પારાવાર આદર હતો એ સાચું, પણ ભય નહોતો.

એ વઢતા નહીં કે ગુસ્સે ન થતા, એમ પણ ન કહેવાય. ગુસ્સે થયા હોય એવા પ્રસંગો પણ યાદ છે. બાના ગુસ્સાનું જેટલું પરિણામ આવતું એના કરતાં કાકાના ગુસ્સાનું પરિણામ વધુ આવતું. એટલે અંશે આદર પાછળ કદાચ ભય છુપાયેલો હશે ખરો, પણ અમારી બંને વચ્ચે સ્થાયી ભાવ તો પ્રેમનો જ હતો.

એક વાર આશ્રમમાં મારે વિશે કાંઈક ફરિયાદ આવી. સામાન્ય રીતે તો મારે વિશે રોજેરોજ આવતી ફરિયાદો જશોદામૈયાની જેમ બાને જ સાંભળવી પડતી. પણ તે વખતે કાકા ઘરમાં હાજર હતા તેથી તે ફરિયાદ એમની પાસે ગઈ. ફરિયાદ કાકા પાસે ગઈ એટલે જરૂર તે કાંઈક ગંભીર હશે એમ પણ માનવું રહ્યું. કાકાએ પણ એને ગંભીર રીતે લીધી.

તારી સાથે વાત કરવી છે, તારે વિશે ફરિયાદ આવી છે. એમ કહીને કાકાને પણ ખાસ એને વિશે વાત કરવી હોય એટલે મામલો કાંઈક ગંભીર હશે એમ વિચારતો હતો. એટલામાં તો કાકાએ નિર્ભય કરી મૂક્યો: 'જો સાચું કહેશે તો તારી ભૂલ હશે તોયે નહીં વઢું, પણ છુપાવવા પ્રયત્ન કરશે તો મને દુ:ખ થશે. સદ્‌ભાગ્યે ફરિયાદ જ ખોટી હતી. મેં તેમ કહ્યું એટલે કાકાએ તરત એ વાત માની લીધી. કાકાએ મારી ઊલટતપાસ કરી નહીં. એમણે મારી પર રાખેલા વિશ્વાસની મારી ઉપર ઊંડી છાપ પડી. ભૂલ છુપાવવા કરતાં કબૂલ કરવી સારી એવા સંસ્કાર પણ પડ્યા. પોતાની ભૂલો વિશે વિચાર કરવાની પણ આ પ્રસંગને લીધે થોડીઘણી ટેવ પડી હશે.

કાકા મારે મન વણછા વિનાના વડલા જેવા હતા. એમની છાયા મળી રહેતી, પણ આવડા મોટા પિતાએ કદી પોતાનો વણછો લાગવા દીધો નથી. એનું મુખ્ય કારણ એ હતું કે નાનામોટા તમામ નિર્ણયો બાબત એમણે મને સ્વતંત્રતા આપેલી. ભણવાની બાબતમાં તો ખાસ. બારતેર વરસની ઉંમરે મેં નક્કી કર્યું કે મારે ચાલુ શાળામાં ભણવું નથી. કાકાએ શાળામાં જવાનાં અને ન જવાનાં બંને પાસાં મારી આગળ ચર્ચામાં છતાં કરી આપ્યાં, પણ નિર્ણય તો મારે જ કરવાનો હતો. એટલું જ નહીં પણ આગળ ઉપર જો નિર્ણય બદલવાનું મન થાય તો તેઓ મને સાથ આપશે એમ કહીને નિશ્ચિંત કરી મૂક્યો.

સાવ નાનપણમાં મારી સાથેની એમની એક રીત શિક્ષક તરીકે વાજબી હતી કે કેમ એવો પ્રશ્ન મારા મનમાં હવે ઊઠે છે. તે વખતે તો એ રીત મને ગમતી જ હતી. કાકા મારા બધા પ્રશ્નોના ફોડ પાડીને જવાબ આપતા. હું કાકા પર પ્રશ્નોની ઝડી વરસાવતો. બધા પ્રશ્નોના એ ખુલાસાવાર જવાબ આપતા. તેથી મને કાકા જ્ઞાનનિધિ જેવા લાગતા. સર્વ પ્રશ્નોના જવાબ કાકા પાસે તો હોય જ એમ હું માનતો. તેથી એ પ્રશ્નોના જવાબ શોધવા મારે બીજી કશી મહેનત કરવાની જરૂર નહોતી રહેતી. એને બદલે કાકાએ જો પ્રશ્નોના જવાબો શોધવાની ટેવ પાડી હોત તો માહિતી કરતાં જ્ઞાન મેળવવાનું સાધન મારે હાથ લાગ્યું હોત એમ હવે મને લાગે છે. અલબત્ત, મારી કિશોરાવસ્થામાં એમણે એ પદ્ધતિ જ વાપરેલી. એટલે અનેક વાર અમે કોશ કે જ્ઞાનકોશ લઈને

બેસી જતા અને એમાં પ્રશ્નના શા જવાબ આપ્યા છે તે શોધતા. પરંતુ આ ટેવ જો સાવ નાનપણથી પાડી હોત તો વિજ્ઞાન બાબતમાં આપણને ગતાગમ ન પડે એમ સમજીને આજે હું ઘણી વાર મન વાળી લઉં છું તેમ ન વાળતો હોત.

બારતેર વરસની ઉંમરે મેં નિશાળે ન જવાનો નિર્ણય લીધો. કાકાએ એની બંને બાજુઓ સમજાવીને છેવટનો નિર્ણય મારે જ લેવાનો છે એવી ખાતરી આપી. બાપુએ મારી વાતને ટેકો આપ્યો એટલું નહીં પણ જો કોઈ એની વિરુદ્ધ દલીલ કરે તો તેને પોતાની પાસે મોકલવા કહી મારા વડીલ બનવાની બાંયધરી આપી. ત્યાર પછી મને ભણાવવાની જવાબદારી મુખ્યત્વે કાકા પર આવી. ગાંધીજી સાથેના એમના ઢગલાબંધ કામમાં એકનો વધારો થયો. પરંતુ એ બાબતે એમણે કદી અરુચિ કે થાક દેખાડ્યો નહીં. પોતાનું નાનુંમોટું કામ મને સોંપતા ગયા. ત્રણેક મહિનામાં મેં ટાઇપિંગ શીખી લીધું. પછી હું રીતસર કાકાનો ટાઈપિસ્ટ બની ગયો. શરૂઆતના દિવસોમાં જ અમારી વચ્ચે એક કૉન્ટ્રાક્ટ થઈ ગયો. એમણે મને કહ્યું કે તારા ટાઇપિંગમાં ભૂલ ન આવવી જોઈએ. મેં સામે કહ્યું કે, હું ન સમજ્યો હોઉં એવો એક પણ લેખ તમારે ટપાલમાં રવાના ન કરવો જોઈએ. એટલે એમના લેખો સમજવા એ જ મારા ભણતરનું માધ્યમ બની ગયું. શરૂઆતમાં એમના અંગ્રેજી અક્ષર હું બરાબર ઉકેલી શકું એટલા ખાતર મારે સારુ તેઓ અક્ષરો ચીપી ચીપીને લખતા. એમના અક્ષર તો આમેય મોતીના દાણા જેવા જ હતા. છતાંયે થોડા મહિના સુધી એમને મારે ખાતર અક્ષર અંગે થોડી કાળજી રાખવી પડેલી. લેખના વિષયો સમજાવવા સારુ એમને ઝાઝી મહેનત કરવી પડી હોય એવું મને સ્મરણ નથી. તેનું એક કારણ એ હતું કે કાકાને ઘણા અઘરા વિષયો ખૂબ સરળ કરીને સમજાવવાની ફાવટ હતી. બીજું કારણ એ કે કાકા કાંઈ પણ વાત કહે એટલે મને એ તરત ગળે ઊતરી જાય એટલી મને એમની પર શ્રદ્ધા હતી. ત્રીજું કારણ બાપુની આસપાસનું વાતાવરણ હશે. એ વાતાવરણને લીધે કદાચ એ ઉંમરનાં બાળકોને ચાલુ પરિસ્થિતિ અંગે જેટલું સામાન્ય જ્ઞાન હોય એના કરતાં મને કાંઈક વિશેષ હશે એમ પણ બને.

શિક્ષક તરીકે કાકા એકલા નહોતા. એમણે તો મુખ્ય કામ મારા શિક્ષણના આયોજનનું જ કરવાનું હતું. બાપુના આશ્રમમાં કોઈ પણ વિદ્વાન થોડા દિવસ સારુ રહેવા આવે એટલે એમની જોડે મારી ઓળખાણ કાકા કરાવી આપે અને એમની પાસે કયો વિષય શીખવા જેવો છે તેનો ઈશારો પણ કરી આપે. એ વિષયોમાંથી મને જે રુચે તે વિષય અને જે ગમે તે શિક્ષક હું પસંદ કરી લેતો. એમની પાસે હું શું શીખું છું એનો પણ કાકા ખ્યાલ રાખતા. બાપુ કે પોતાની સાથેની મુલાકાતોમાંથી પણ કેટલીક વખત તે કાકા મને ખાસ હાજર રાખતા. અને ચર્ચાના આખા વિષય અંગે પાછળથી વિગતવાર ચર્ચા પણ કરતા. બાપુ સાથે જ્યારે કોઈ વ્યક્તિનો મતભેદ થાય ત્યારે તો એ વિષયમાં મને જરૂર રસ લેવડાવતા. પણ હું મોટે ભાગે મનથી કાકાના એટલે કે બાપુના પક્ષમાં રહેતો અને એમના પક્ષની દલીલો શોધી કાઢતો. ઓરિસા તરફના એકબે ક્રાન્તિકારીઓ જોડે હિંસા-અહિંસા વિશે કાકાને લંબાણથી ચર્ચા થયેલી, ત્યારે તેમાં હું પણ ભળેલો. એ વાતની નોંધ એમણે 'હરિજનબંધુ'ના પોતાના લેખમાં પણ લીધેલી એમ મને યાદ છે.

વર્ધાથી સેવાગ્રામ ગયા પછી એટલે કે મારી પંદરથી અઢાર વરસની ઉંમર સુધી તો મોટે ભાગે બાપુ સાથે ફરવાનું જ થતું. પણ સેવાગ્રામ હોઉં ત્યારે ભણસાળીકાકા, રાજકુમારી અમૃત કૌર, મૉરીસ ફ્રીડમેન વગેરે મારા જુદા જુદા વિષયોના વર્ગો લેતા. તે ઉપરાંત આચાર્ય નરેન્દ્ર દેવ, રાજાજી વગેરે પાસે થોડો વખત તેઓ આશ્રમમાં હતા ત્યારે વર્ગો ગોઠવેલા. છેલ્લા દિવસોમાં મને મારી મેળે અભ્યાસ કરતો જોઈને કાકા ખૂબ રાજી થતા. ૧૯૪૨ની છેલ્લી જેલમાં જતાં પહેલાં મુંબઈથી બાને લખેલા પોતાના અંતિમ પત્રમાં તેમણે એમ કહી સંતોષ વ્યક્ત કર્યો હતો કે બાબલો હવે વખત બગાડતો નથી અને પોતાની મેળે અભ્યાસ કરે છે. તેથી એની બાબતમાં હું નિશ્ચિંત છું.

બા સાથેનો કાકાનો સંબંધ કેવો હતો એ વિચારવાનો નાનપણમાં તો અવસર જ નહોતો ઊભો થયો. મારે મન બને ગૃહીત જ હતાં. મા-બાપનો તો આવો જ સંબંધ હોય ને, એમ હું માનતો. પણ એ સંબંધ પાછળ કાકાનો અતિશય પ્રેમ અને બાનો અતિશય ત્યાગ હતો એ હું પાછળથી સમજી શક્યો. કાકા બાપુ પાસે પોતાના આદર્શને-

લીધે, એમને જોઈને ઉત્પન્ન થયેલ પ્રથમ દૃષ્ટિના પ્રેમને લીધે આવેલા. બા તો કાકાની પાછળ પાછળ આશ્રમમાં આવેલી. પરંતુ આશ્રમજીવનની કઠણાઈ તો કાકા કરતાં બાને જ વધારે વેઠવી પડેલી. બાએ તે સાવ સહજ રીતે વેઠી જ ના લીધી, વધાવી લીધી હતી. કાકાનો પ્રેમ અઠવાડિયે બેત્રણ વાર આવતા એમના પત્રો રૂપે પ્રગટ થતો. એ પ્રેમમાં ઘણી વાર રિસામણાં-મનામણાં પણ થયાં હશે. કારણ ઓછામાં ઓછા બેત્રણ વાર બાએ જતનપૂર્વક રાખેલા એ પત્રો બાળી મૂકચા હતા એમ મેં પાછળથી બા પાસે સાંભળેલું!

વિવાહિત જીવનમાં બ્રહ્મચર્યનો આદર્શ બાપુએ સૌ આશ્રમવાસીઓ સમક્ષ રજૂ કર્યો હતો: એ વાત જાણીતી છે. કાકાએ એવી પ્રતિજ્ઞા વિધિપૂર્વક લીધી હતી કે નહીં એ હું નથી જાણતો.લીધી હોય તો એ મારા જન્મ પહેલાં લીધેલી કે પાછળથી તે પણ મને ખબર નથી. હા, એક વડીલ પાસે એવી મતલબનું કાંઈક સાંભળેલું કે મહાદેવભાઈના પ્રતિજ્ઞાભંગથી તું પેદા થયો હોય તો તેનાથી દુનિયાને નુકસાન થયું નથી. એ ઉપરથી મને લાગે છે કે કદાચ કાકાએ મારા જન્મ પહેલાં જ પ્રતિજ્ઞા લીધી હશે. વચ્ચે એક વાર ત્રણ વર્ષ પૂરતી એવી પ્રતિજ્ઞા એમણે લીધેલી અને ત્રણ વર્ષ પૂરાં થયાં ત્યારે કાકાએ બાપુને ખુશી ખુશીમાં એની સફળતા અંગે જણાવેલું ત્યારે બાપુએ કાંઈક એવી મતલબનું લખીને કાકાને ધરતી પર ઉતારેલા કે, તમે મનથી તો વિષય સેવ્યો જ છે. એ વાત તો હવે અક્ષરદેહે નોંધાઈ ચૂકી છે.

પરંતુ વિવાહિત જીવનમાં બ્રહ્મચર્યના વિષયે બા અને કાકા વચ્ચે કદી મતભેદ ઊભો થયો હોય એવું મારી જાણમાં નથી. આશ્રમમાં આ પ્રશ્નને લીધે બીજાં જોડાંઓમાં મેં ભારે વિવાદ થયેલો જાણ્યો છે. આ બાબતમાં બા-કાકા વચ્ચે આટલી સરળતા થવાનાં મને બે કારણ લાગ્યાં છે: એક બાને મૂળ એના પિયરમાંથી જ મળેલા ભક્તિના સંસ્કાર અને કાકાની બાપુ પ્રત્યેની અનન્ય ભક્તિ.

અમારા પરિવારમાં આમ તો અમે ત્રણ જ જણ. પણ વર્ષો સુધી અમારા પરિવારમાં વારાફરતી મારી બે ફુઈઓ અને છેવટે ફુઈની દીકરી રહેલી. કાકાનાં બા બીજી વખતનાં હતાં એટલે દીકરીઓનાં લગ્ન બાબત એમનો આગ્રહ કબૂલ રહેતો. તેથી ફોઈ અને ફોઈની દીકરી બંનેનાં

લગ્ન અનાવિલ જાતિમાં જ થયાં. કાકાની દષ્ટિએ આટલી બાંધછોડ જ હતી. પરંતુ આ લગ્ન અંગે પણ કાકાએ કાળજી ઠીક ઠીક રાખેલી. બા ચિંતા કરતી તો કાકા કહેતા કે આપણું તો નરસિંહ મહેતાની માફક ભગવાન મામેરું કરવા આવશે. એમ જ બંને લગ્ન સુખપૂર્વક થયેલાં. મોટીબા અમારા મૂળ વતન દિહેણમાં રહેતાં પણ એમને કાકા વિશે અને કાકાને એમને વિશે ઓછી મમતા નહોતી. વળી લોહીની સગાઈને વટાવીને પ્રેમની સગાઈઓ તો કાકાને અનેક હતી. તેને લીધે અમારું કુટુંબ સદા ભર્યુંભાદર્યું રહેતું.

કિશોરઅવસ્થામાં મારે મન કાકા એ મારી વિભૂતિપૂજાના ઉપાસ્ય દેવ હતા. કાંઈ પણ સમસ્યા હોય તો કાકાને પૂછવાથી એ ઊકલી જશે એમ જ હું માનીને ચાલતો. કાકા શું કહેશે, કાકાને શું ગમશે, કાકા શું કરશે એ જ મારે મન સારાનરસાની કસોટી હતી. પણ એ મારી મુગ્ધાવસ્થાનું લક્ષણ હતું. એમણે પોતે કદી પૂર્ણ પુરુષ હોવાનો ભાવ વ્યક્ત કર્યો નહોતો. બલ્કે 'આપણે તો બાપુના અદના સેવક' એ જ ભાવ એમના મનમાં સર્વદા રમ્યા કરતો. તેથી તેઓ કદી અમને એમની પ્રશંસા કરવા દેતા નહીં. હું કે બા કોઈ બાબતમાં એમની ટીકાટિપ્પણી કરીએ તો તેનાથી એ રાજી જ થતા.

અમારી ટીકાનો ઘણી વાર વિષય બનતું એમનું ભોળાપણું. એમની જનની જમનાબાઈએ તેઓ ગર્ભમાં હતા ત્યારે નિયમિત રીતે મહાદેવની પૂજા કરેલી, તેથી જ એમનું નામ પણ મહાદેવ પાડવામાં આવ્યું હતું. મારી બાએ લગ્ન પહેલાં શિવને બીલીપત્રો ચડાવીને પૂજા કરેલી. તેથી અમારા પરિવારમાં એવી માન્યતા હતી કે મહાદેવભાઈમાં એમના નામેરીના ગુણ ઊતરેલા હતા. બીજી બાબતમાં એ કેટલું સાચું હતું તે તો કોણ જાણે પણ ભોળાપણામાં તો કાકા શંકર ભોળા હતા જ. કોઈ પણ સાધુસંત જુએ એટલે એની પર કાકા લટ્ટુ જ થાય. અમે એ બાબતમાં જરા શંકાની નજર રાખતાં. ઘણી વાર અમે સાચા પડતા ને કાકા ખોટા ઠરતા. પણ કાકાને કોઈને છેતરવા કરતાં પોતે છેતરાવું જ વધુ પસંદ હતું.

રમણ મહર્ષિના આશ્રમમાં જવા અંગેનો પ્રસંગ મેં 'સંત સેવતાં સુકૃત વાધે'માં ટાંક્યો છે. જમનાલાલજીના કહેવાથી કાકા તિરુવણ્ણામલય જવા

તૈયાર થયા હતા. એટલામાં બાપુએ કહ્યું કે, 'ત્યાં તમને જો ગમી જાય તો વધારે વખત રોકાઈ શકો છો.' એ સાંભળીને કાકાએ તરત બાંધેલો બિસ્તરો છોડાવી નાખેલો. કહે, 'મારે એક સ્વામી બસ છે!'

કાકા વિદ્વાન હતા, બુદ્ધિમાન હતા, સમજાવવાની કળામાં કુશળ હતા. તેઓ સારા લેખક હતા, સારા વક્તા હતા, તત્ત્વચિંતક પણ હતા. પરંતુ કાકાનો સૌથી મોટો ગુણ એમના બાપુ સાથેના તાદાત્મ્યનો હતો. એમના બંને વચ્ચે જેવી એકાત્મતા સધાઈ હતી તેવી બીજા કોઈ વચ્ચે બંધાયેલી મેં જોઈ, જાણી, વાંચી કે સાંભળી નથી. બાપુ અને કાકાનાં વ્યક્તિત્વ એમ તો જુદાં જુદાં. બાપુમાં સૂર્ય જેવી પ્રખરતા હતી, તો કાકામાં ચંદ્ર જેવી શીતળતા હતી. બાપુ યોગી મહાત્મા હતા, તો કાકા રસિક કવિ હતા. બાપુ ક્રાંતિના કર્તા હતા, તો કાકા એના ઈતિહાસકાર હતા. બાપુ સ્વામી હતા, તો કાકા સેવક હતા. બાપુ પિતા હતા, તો કાકા પુત્ર હતા. છતાં બંનેમાં અદ્ભુત તાદાત્મ્ય સધાયેલું હતું. પ્રથમ મિલન વખતે બંને વચ્ચે તારામૈત્રક રચાયું. બંનેને લાગ્યું કે બંને એકબીજા માટે જ છે. પણ તે ટાણે બાપુ તો અનેક વર્ષોના સત્યાગ્રહી આંદોલનના પીઢ અનુભવી નેતા કર્મવીર ગાંધી હતા. ને કાકા એક ઊગતા જુવાનિયા હતા. વકીલાતમાં ખાસ કસ નહીં કાઢેલો તેવા. સાહિત્યમાં ચંચુપાત કરતા, કો-ઓપરેટિવ બૅન્કના કામ અર્થે ગામડાંમાં ફરીને ત્યાંની પરિસ્થિતિનો થોડોઘણો અંદાજ લીધો હોય એવા, પણ રાજકારણથી લગભગ પૂરેપૂરા અજાણ. સાધનાથી જેટલા આકર્ષાયેલા હશે એટલા જ રસવૃત્તિથી ભીંજાયેલા. ગાંધી વિલાયતમાં આધુનિક પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરીને એ રસ્તો એમનો નથી એમ સમજી ચૂકેલા હતા અને પોતાને માટે એક નવી સંસ્કૃતિનું ચિત્ર દોરી ચૂક્યા હતા અને એ સંસ્કૃતિ તરફ અગ્રસર થવા નવા નવા ચીલા પાડી રહ્યા હતા. કાકા એ પશ્ચિમી સંસ્કૃતિનો સ્પર્શ માત્ર સાહિત્ય દ્વારા જ પરોક્ષ રીતે યત્કિંચિત્ પામ્યા હશે. એમણે એ સંસ્કૃતિ ચાખી નહોતી જોઈ તેમ જ એ એનાથી દાઝ્યા પણ નહોતા. જ્યારે બંને મળ્યા ત્યારે બંને વચ્ચે એક અલિખિત પુરુષાર્થ રચાયો. સંયુક્ત સાધના દ્વારા કાકાને પણ નવે ચીલે પાડવાનો અને જોતજોતામાં તો બંને વચ્ચે એવું તાદાત્મ્ય સધાઈ ગયું કે આસપાસના બધા લોકો બંનેને અભિન્ન માનવા લાગ્યા. કોઈ વાર બાપુ લખાવતા

હોય અને કાકા લખતા હોય, ત્યારે બાપુ બોલે તે પહેલાં જ કાકા એમના મનનો બોલ ઝીલી લઈ સાચા શબ્દોનું અનુમાન કરી કાગળ પર ઉતારી દે. તેમાં જો એકાદ શબ્દ પણ આમતેમ થાય તો ગુરુશિષ્ય વચ્ચે એ શબ્દ વિશે લાંબીલચક ચર્ચા ચાલતી. કોઈ વાર કાકાના હાથનો લખેલો લેખ જોઈને બાપુ માત્ર નીચેની સહી કાપીને પોતાની સહી કરીને કહેતા કે, 'આ લેખ તો મારે નામે જવા લાયક થયો છે.' કોઈ વાર બાપુએ ભાષણમાં શું કહ્યું એ પૂરું ન સમજાય તો સાથીઓ કહેતા કે આવતે અઠવાડિયે 'નવજીવન'(કે 'હરિજન'પત્રો)માં મહાદેવભાઈની નોંધ આવશે ત્યારે સમજાશે. સરકારના કોઈ ઉચ્ચસ્તરીય પ્રતિનિધિને મળવાનું હોય કે ગામડાના કાર્યકર્તાઓને સત્યાગ્રહશાસ્ત્રની સૂક્ષ્મતા સમજાવવાની હોય, બંને પ્રકારનાં કામો કાકા સરખા અધિકારપૂર્વક કરી શકતા. મગનલાલ ગાંધી પછી બાપુએ જેમ કહેલું કે, 'હું રાંડચો', તેમ કાકા પછી બાપુએ કહ્યું, 'આજ સુધી એ મારો દીકરો હતો, હવે હું એનો દીકરો છું, અગ્નિસંસ્કાર હું જ કરીશ.'

કુશળ મંત્રી કે સચિવો તો ઘણાય હોય છે; સારી નોંધ લેનારા પણ ઘણા હોય છે. પણ ગાંધીજી જેવા સાથે તાદાત્મ્ય કેળવવું એ કાંઈ ખાવાના ખેલ નહોતા. 'માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સહેલ જોને' જેવી વાત હતી. ગાંધીજી ગજબના સખ્તાઈથી કામ લેનાર ટાસ્ક માસ્ટર હતા. કાકા તો કહેતા કે, 'બાપુ સાથે જીવવું એ જાણે જ્વાળામુખીના મોં પર જીવવા જેવું છે.' અને કાકા જેટલા કોમળ શરીર અને મુલાયમ સ્વભાવના માણસ ગાંધી જેવાનું તેજોમય રસાયણ કેવી રીતે જીરવી શકયા હશે?

એને મૂળમાં કાકાની ભક્તિ જ હતી. 'શિવોભૂત્વા શિવં યજેત્'નો મંત્ર કાકાને સહજ સાધ્ય હતો. જાગૃતિમાં, સ્વપ્ને કે નિદ્રામાં કાકાને એક જ ધ્યાન હતું – બાપુનું. તેથી જ ૧૯૨૧માં એમને એક રાતે પથારીમાં એકદમ કૂદીને ઊભા થઈ ગયેલા જોઈને પડખે સૂતેલા તોતારામજીએ પૂછ્યું, 'કેમ મહાદેવભાઈ શું છે?' ત્યારે તેના જવાબમાં એમણે કહેલું, કાંઈ નહીં એ તો મને સ્વપ્નું આવ્યું કે બાપુ બોલાવે છે.' અને તેથી જ છેલ્લી ક્ષણે આગાખાન મહેલમાં બાપુના ખોળામાં માથું નાખીને પોઢ્યા ત્યારે બાપુ બેબાકળા બનીને બૂમો પાડવા લાગ્યા, 'મહાદેવ,

મહાદેવ!' એ વિશે પાછળથી ડૉ. સુશીલા નાયરે પૂછ્યું કે, 'તમે તે દિવસે એમ કેમ કરતા હતા?' ત્યારે બાપુએ જવાબ આપ્યો હતો, 'મહાદેવે આખી જિંદગી મારી આજ્ઞા ઉથાપી નહોતી. મને એમ હતું કે જો એક વાર એ મારો અવાજ સાંભળશે અને હું કહીશ કે મહાદેવ ઊઠો, તો એ મૃત્યુને પણ પાછું ઠેલીને ઊભા થઈ જશે.'

કાકાએ પોતાની જાતને બાપુમાં સમાવી દીધી હતી, તેનાથી બે કામ થયાં: એક તો એમની પોતાની ઉન્નતિ અને બીજી બાપુના કામની પ્રગતિ. બાપુના વિરાટ વિભૂતિ તત્ત્વમાં પોતાના અસ્તિત્વને સમાવી દેવાથી કાકાના વ્યક્તિત્વનો કલ્પનાતીત વિકાસ થયો હતો. મુખ્ય વાત તો એમાં એ થઈ કે એને લીધે એમણે પ્રેમનો માર્ગ છોડી દઈને શ્રેયનો માર્ગ પકડી લીધો. તેને લીધે એમના વિકાસના સ્તરમાં જ ગુણાત્મક પરિવર્તન આવી ગયું. એ માર્ગ ન લીધો હોત તો કદાચ એ મુનશી, ભૂલાભાઈ કે પાઠક થઈ શકયા હોત. પણ મહાદેવભાઈ ન થઈ શકયા હોત. બાપુની ભક્તિના દ્રાવણમાં પોતાની અસ્મિતાને ડુબાડી દઈ પોતાને શૂન્ય બનાવવાથી એમની શક્તિ અનંત ગણી વધી ગઈ હતી.

એવી એક અર્ધ-મુક્તિની ઊર્જાનો સ્ફોટ પોતાને પક્ષે જોડાવાથી બાપુની શક્તિમાં પણ પારાવાર વૃદ્ધિ થઈ હતી. દક્ષિણ આફ્રિકામાં 'ઈન્ડિયન ઓપિનિયન' કાઢતી વખતે બાપુએ સત્યાગ્રહનું સત્ય શોધી કાઢ્યું હતું. પરંતુ 'ઈન્ડિયન ઓપિનિયન'ના તંત્રી અને 'નવજીવન' કે 'હરિજન'પત્રોના તંત્રીની તાકાત અને કદમાં જે મોટો તફાવત દેખાય છે તેની પાછળ ગાંધીના એકડા પાછળ મહાદેવનું મીંડું હતું એ કોઈ પણ સૂક્ષ્મ અભ્યાસીની નજર બહાર નહીં રહે. બાપુના વિચારોને આખી દુનિયા આગળ રજૂ કરવામાં કાકાનો ફાળો નાનોસૂનો નહોતો. ગાંધીવિચારોને સમગ્રપણે અને અધિકૃત રીતે રજૂ કરવામાં ગાંધીજીના અક્ષરદેહના ગ્રંથો પછી કદાચ મહાદેવભાઈની ડાયરીને જ સ્થાન મળે એમ છે. ૨૫ ગ્રંથોમાં પ્રગટ થનાર ડાયરીઓના માત્ર શરૂઆતના ૫-૬ ભાગો જોઈને અમેરિકામાં અત્યારે અહિંસક પ્રતિકારનું કામ મોટે ઉપાડે કરી રહેલ સિઝર શાવેઝે કહેલું કે, 'ગાંધીજી વિશે મને જે કોઈ ગ્રંથમાંથી મળ્યું નથી તે આ ગ્રંથોમાંથી મળે છે.'

દુર્ભાગ્યે આ ડાયરીઓ આપણને ૧૯૪૨ સુધી જ લઈ જાય છે. ત્યાર પછીની નોંધનું કામ પ્યારેલાલજીએ પોતાનાં 'પૂર્ણાહુતિ' (Last Phase) ગ્રંથમાં કર્યું છે. પરંતુ ડાયરીઓ તરીકે મહાદેવભાઈની ડાયરી માત્ર ગુજરાતી ભાષામાં જ નહીં, પણ દુનિયાની કોઈ પણ ભાષામાં એક વિશિષ્ટ સ્થાન મેળવે છે. ઘણી વાર મહાદેવભાઈની ડાયરીની સરખામણી બૉઝવેલની ડૉ. જૉન્સન અંગેની ડાયરી સાથે કરવામાં આવે છે. પરંતુ મહાદેવભાઈની ડાયરીમાં પ્રેમભક્તિનું જે રસાયણ ભળેલું છે તે બૉઝવેલની ડાયરીઓમાં કયાંથી લાવશો ?

કાકા નોંધ ચાલુ અક્ષરોમાં જ લેતા. લઘુલિપિ તેઓ નહોતા શીખ્યા. પરંતુ એમની લખવાની ઝડપ અસાધારણ હતી. ઉપરાંત બાપુના વિચાર પરની એમની પકડ પણ એવી વિચક્ષણ હતી કે બાપુએ કહેલી વાતનું હાર્દ પકડી લેતા. એમના અક્ષર એવા સુવાચ્ય હતા કે પચાસ-સાઠ વર્ષ પહેલાં ચાલતી ટ્રેનમાં કે દિવસના અંતે થાકયાપાકયા લખાયેલી ડાયરીઓ પણ આજે સરસ રીતે ઊકલે છે. એમની નોંધ કોક વાર લઘુલિપિને પણ આંટી જતી. એક વાર એક અમેરિકન જૂથ બાપુને મળવા આવ્યું હતું. મુલાકાત વખતે એક બહેન લઘુલિપિમાં નોંધ લેતી હતી. કાકા પડખે બેઠા પોતાની રીતે નોંધ લેતા હતા. બીજે દિવસે પેલી બહેને પોતાની નોંધ પરથી ટાઇપ કરેલ લખાણ બાપુને બતાવવા સારુ આણ્યું, બાપુએ તે મહાદેવને બતાવવા કહ્યું. કાકાએ એની પાકી તૈયાર કરેલી નોંધ જોઈ લીધી પછી પોતાની કાચી નોંધ જોઈ જવા કહ્યું. પેલી બાઈ તો કાકાની નોંધ જોઈ આભી જ બની ગઈ. કહે, 'યૂ બીટ મી હૉલો!' (તમે તો મને માત જ કરી દીધી!).

દુર્ભાગ્યે, માત્ર પચાસ વર્ષની ઉંમરે કાકા ગયા. એની પાછળ મુખ્ય કારણ એ હતું કે કાકાએ અતિશય પરિશ્રમ કરીને શરીરને ઘસી નાખ્યું. છેલ્લાં થોડાં વર્ષો હું અખંડ એમની સાથે રહેતો. વર્ધા હતા ત્યાં સુધી રોજ એક વાર ને કોઈ કોઈ વાર બબ્બે વાર તેઓ મગનવાડીથી સેવાગ્રામ સુધીની સાડા પાંચ માઈલની વાટ કાપીને જતા ને આવતા. ત્યાં જઈને બાપુનું બધું કામ કરવાનું હોય. એ વર્ષોમાં કોઈ દિવસ રોજના સોળ કલાકથી ઓછું કામ કરતા મેં તેમને જોયા નથી. ગોળમેજી પરિષદ વખતે બાપુ સાથે ઇંગ્લેન્ડ ગયા ત્યારે સરેરાશ ૧૮થી ૨૦ કલાક રોજનું

કામ થતું અને અઠવાડિયે એક વાર જ્યારે 'યંગ ઈંડિયા' સારુ લખાણ મોકલવાનું હોય તે દિવસે લખવા બેસતા તે બરાબર ચોવીસ કલાકે ઊઠતા. વચ્ચે માત્ર એક કલાકનો મધ્યાન્તર થતો.

આ કલાકોમાં જે કામ થતું તે પણ ભારે કાર્યક્ષમતાથી થતું. તેઓ લગભગ અસ્ખલિત લખતા. એમાં ભાગ્યે જ છેકછાક થાય. 'હરિજન'-પત્રોના ઘણા લેખો લખવા શરૂ કરે ત્યારે ઉપર મથાળું કરે તે લેખની નીચે એમ. ડી. લખે ત્યારે જ અટકે. આમ તેઓ કામનો ભારે બોજ એકલે હાથે વેંઢારતા. એમના ગયા પછી બાપુ ઘણી વાર એવી વેદના વ્યક્ત કરતા કે એ કામ કરવા સારુ જ પાંચ-છ જણ રોકાયેલા હોય છે છતાં મહાદેવ જેવું કામ થતું નથી. અલબત્ત, છેવટના દિવસોમાં ખુદ બાપુનું કામ પણ વધી ગયું હતું એ આપણે ભૂલવું ન જોઈએ.

એક પ્રશ્ન એ ઊઠે છે કે બાપુથી સ્વતંત્ર એવું કાકાનું કોઈ વ્યક્તિત્વ હતું કે નહીં. આ પ્રશ્નનો જવાબ 'હા' અને 'ના' બંને છે. અથવા એમ કહો કે ખૂબ ઓછું હતું. કાકા ઘણા વખત સુધી ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ કમિટીના મંત્રી હતા, સત્યાગ્રહ આશ્રમ સાબરમતીના પ્રમુખ હતા. થોડો વત અખિલ ભારત સંપાદક મંડળના પ્રમુખ હતા. તેઓ અવારનવાર કુટુંબની આર્થિક જરૂરિયાતોમાં બાપુ પાસેથી મળતા ૬૦ કે ૭૦ રૂપિયાના પગારને લીધે પડતી ખોટને પૂરી કરવા બહારનાં છાપાંઓમાં લેખ પણ લખતા. રોજ ૫૦૦ ગજ સૂતર કાંતવાનો એમનો નિયમ હતો ત્યારે જ એ મારો વર્ગ પણ લેતા. આખા દિવસનું કામ પત્યા પછી સૂતાં પહેલાં થોડું ઇતરવાચન કરતા. જેલમાં જ્યારે તેઓ બાપુથી અલગ હોય ત્યારે એમનું વ્યક્તિત્વ સ્પષ્ટ અલગ દેખાતું. 'ગાંધીદષ્ટિએ ગીતા' એમણે બેલગાંવની હિંડલગા જેલમાં જ લખી. એ પુસ્તકની પ્રસ્તાવના એ કદાચ કાકાનું સૌથી વધુ વિદ્વત્તાવાળું અને સૌથી ઉચ્ચ કક્ષાનું લખાણ ગણાશે. ખાસ કરીને એ વાત ધ્યાનમાં લેતાં કે જેલમાં એમને સાવ એકલા જ રાખવામાં આવ્યા હતા અને અધ્યયન કરવા સારુ એમની પાસે ઝાઝાં પુસ્તકો નહોતાં. 'ગીતા એકોર્ડિંગ ટુ ગાંધી'ની પ્રસ્તાવના રૂપે લખેલ 'માય સબમિશન' ગીતાની શ્રેષ્ઠ ટીકાઓમાં સ્થાન પામે એમ છે એમ મેં દેશવિદેશના અનેક વિદ્વાનો પાસે સાંભળ્યું છે.

વળી બાપુથી સ્વતંત્ર એવી એમની કેટલીક અભિલાષાઓ હતી. જીવનમાં એક-બે વાર એવા પ્રસંગો આવેલા કે બાપુથી અલગ થવા વિચાર કરેલો. ત્યારે પણ અલગ થઈને બાપુ વિશે જ લખવાનો વિચાર હતો. સ્વતંત્ર અભિલાષા તો સાહિત્યિક હતી. ટાગોરની 'ગીતાંજલિ'ના તમામ ગીતોનો ગુજરાતીમાં અનુવાદ કરવો હતો. વિશ્વસાહિત્યમાં અહિંસાનો ભાવ ઝિલાયો હોય તેને ભારત આગળ પીરસવો હતો. બીજુંયે એવું ઘણું મનમાં હશે. એક વાર મેં ફરિયાદ કરી કે, 'તમે મૌલિક તો કશું લખતા જ નથી. બધું બાપુનું બોલેલું જ લખો છો.' તેના જવાબમાં હસીને એમ કહ્યું કે, 'મૌલિક લખવાનું કામ તું કરજે' પણ પછી કહ્યું હતું કે, 'પાંચછ નવલથાઓની વસ્તુ મારા મગજમાં ગોઠવાયેલી છે, સરકાર (જેલમાં મોકલીને) લાંબી ફુરસદ આપે તો તે લખી નાખીશ.'

પરંતુ એ સ્વતંત્ર અભિલાષા બીજી એક અભિલાષા આગળ ટકી ન શકી. તે અભિલાષા હતી. બાપુ કરતાં પહેલાં પોતે જવાની. બાપુ વિનાની જિંદગી જ હું કલ્પી નથી શકતો એમ તેઓ વારંવાર કહેતા.

વર્ધામાં જ્યારે હૃદયરોગનો હુમલો થયો અને નાશિક જવા નીકળ્યા હતા, ત્યાં સ્ટેશનેથી જ પાછા ફરી સેવાગ્રામ આવ્યા ત્યારે બાપુએ એમનું માથું પોતાના ખોળામાં લઈને પોતાનું સાપ્તાહિક મૌન તોડીને ખબર કાઢી, 'મહાદેવ, કેમ છે હવે તમને?' ત્યારે કાકાએ જવાબ આપ્યો હતો: 'આપના ખોળામાં માથું મૂક્યું એટલે મારી ઇચ્છા પૂરી થઈ. મારે આ રીતે જ એક દિવસ જવું છે.' એ વાતને પૂરા છ માસ પણ થયા નહોતા ત્યારે ૧૫મી ઑગસ્ટ ૧૯૪૨ની સવારે, આગાખાન મહેલમાં સવારની પ્રાર્થનામાં 'કરલે સિંગાર ચતુર અલબેલી, સાજન કે ઘર જાના હોગા' ગાઈને સ્નાનાદિ પતાવીને સુપરિન્ટેન્ડેન્ટ શ્રી કહેલી જોડે વાત કરતા હતા ત્યાં ફરી હૃદયરોગનો હુમલો આવ્યો. કસ્તૂરબાની બૂમ સાંભળી બાપુ પોતાની માલિશ અધૂરી મૂકી દોડી આવ્યા અને મહાદેવનું માથું પોતાના ખોળામાં મૂકી પોકારવા લાગ્યા. 'મહાદેવ, મહાદેવ ઊઠો!' પણ મહાદેવ તો બાપુના ખોળામાં પોઢી જવાની પોતાની સૌથી મોટી ઇચ્છા પૂરી કરી ચૂક્યા હતા.

□

## સ્નેહ અને શિસ્ત

નાનપણમાં શું બાપુ કે શું કાકા બંને અમારે સારુ મહેમાન જેવા જ હતા. સાબરમતીનો આશ્રમ એ એમનું મુખ્ય મથક ખરું, પણ ત્યાં એ ટકીને રહેતા કયારે? જ્યારે એ જેલમાં ન હોય ત્યારે હોય રેલમાં.

કાકા ઘેર આવ્યા હોય, બા કાંઈ સારું સારું રાંધવાની તજવીજમાં પડી હોય અને હું કાકાને પૂછું: 'તમે પાછા કયારે જવાના?'

કાકા હસીને જવાબ આપતા: 'સરકાર જ્યારે મહેમાન બનાવીને લઈ જાય ત્યારે' મારા શૈશવનો આખો કાળ અમારા વડીલોની જેલયાત્રાઓ અને એ જેલવાસની વચ્ચેના ટૂંકા અવકાશકાળ જેવો દેખાય છે. ભારતની જનતાને સારુ પણ અહિંસક આંદોલનનો એ શૈશવકાળ જ હતો. એની શિષ્ટ જનતાએ એ કાળ દરમિયાન પહેલી વાર જેલને મહેલ કરી જાણી હતી. એ સરકારી યજમાનગીરીની આશ્રમનાં બાળકોને મન નવાઈ નહોતી.

એક વાર તો કાકાને લેવા પોલીસની કાળી ગાડી આવી ત્યારે મેં કાકાને કહેલું: 'તમે ટૂંકી સજા શું ભોગવો છો? આ વખતે લાંબી સજા ભોગવીને આવજો!' અને સાચે જ એ વખતે એમને લાંબી સજા થયેલી! અને પછીનાં સ્મરણો જેલની મુલાકાતોનાં. સફેદ ટૂંકી ચડ્ડી ને ટૂંકું પહેરણ. બંને ઉપર ભૂરી લીટીઓ. એમ તો કાકાને બધા વેશ શોભતા. પણ જેલના પોશાકમાં તેઓ વધુ સુકાયેલા લાગતા. બા સાથે કાંઈક ઘર અંગે વાતો થાય. પણ હું તો એમને જેલની અંદરની દુનિયા વિશે જ અનેક પ્રશ્નો પૂછતો. જેલની બૅરેકો, જેલનું ભોજન, જેલનાં કામકાજ, જેલના સહવાસીઓ બધાંયની મળીને મારે માટે કોઈ અજાણ્યા પ્રદેશની વાર્તા બની રહેતી! રાષ્ટ્રીય આંદોલનોમાં જેલવાસે એક અનોખો ભાગ ભજવ્યો. એક તરફથી એણે પ્રજાજીવનમાંથી સરકાર વિશેની બીકને સાવ ઉડાડી દીધી; બીજી તરફ સાચા સત્યાગ્રહીઓને સારુ જેલજીવને એક કષ્ટ સહેવાનો પ્રસંગ પૂરો પાડયો; તો ત્રીજી તરફ જેલજીવન એ અનેક સત્યાગ્રહીઓ સારુ સ્વાધ્યાય-પ્રવચનો પૂરું પાડનાર એક વિદ્યાપીઠ બની રહ્યું. કાકાને બેળગાંવ જેલને લીધે આ ત્રણે પ્રકારનો લાભ મળ્યો. એક તો દરેક જેલ વખતે અમારા કુટુંબજીવનને સ્પર્શ થતો. પણ આ

વખતે થયેલા દંડને વસૂલ કરવા સરકારી માણસો અમારે મૂળ દિહેણ પહોંચી ગયા. ત્યાં દંડ ન ભરવા અંગે મારાં દાદીમા ઈચ્છાબહેને જે હિંમત દેખાડી અને સરકારી અમલદારોનાં અપમાન સહન કર્યાં તેનાથી એ સિદ્ધ થયું કે સત્યાગ્રહ આંદોલને ઠેઠ ઊંડાણનાં ગામડાંની જનતાને પણ કેવી નિર્ભય બનાવી હતી. બેળગાંવ જેલમાં કાકાને કષ્ટ પણ ખૂબ સહેવું પડયું. મોટે ભાગે કષ્ટ એકાંતવાસ અને અટૂલાપણાનું હતું. ઘણા વખત સુધી અમે કોઈ મુલાકાત સારુ જઈ નહોતાં શકયાં. પછી પત્રવહેવારની મનાઈ થઈ, કારણ ત્યાંના જેલર કે સુપરિન્ટેન્ડેન્ટ ગુજરાતી જાણતા નહોતા અને બાને કે મને અંગ્રેજી આવડતી નહોતી. ઘણા મહિના પછી અમે મુલાકાત સારુ પહોંચ્યાં ત્યારે જોયું કે કાકાનો ચહેરો બદલાઈ ગયો હતો. એમના ટાલવાળા માથા પરના રહ્યાસહ્યા વાળ ધોળા થઈ ગયા હતા. ચહેરા ઉપર કરચલીઓ પડી ગઈ હતી. એમના થોડા દાંત પડી ગયા હતા. અને બધી રીતે ઘડપણનાં સ્પષ્ટ લક્ષણો દેખાઈ આવતાં હતાં. જેલમાં કાકાને રાજનૈતિક કેદીઓથી અલગ રાખવામાં આવ્યા હતા. અને 'ક્રિમિનલ' કેદીઓમાં કોઈ એમની સાથે વાત કરી શકે એમ નહોતું. (છતાં ભાષાજ્ઞાન વિના કેવળ કામથી પોતાનો પ્રેમ વ્યક્ત કરનાર એક કાનડી મુસલમાન કેદીનાં વખાણ કાકાએ એ ટૂંકી મુલાકાત દરમિયાન પણ કર્યાં હતાં. આ જેલ દરમિયાન કાકાએ બાપુના 'અનાસક્તિયોગ'નું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું અને ગીતા ઉપર પોતાનું ભાષ્ય પણ લખ્યું. એમની ડાયરીઓને બાદ કરતાં કાકાના આ પુસ્તકને કદાચ એમનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ કહી શકાય. જેલે એક તરફ કાકાને ઘડપણ આપ્યું તો બીજી તરફ તેમને ગીતા પણ આપી.

* * *

સાબરમતી આશ્રમ બહાર કાકા અને બાપુ સાથે થોડો કાળ રહેવાનો પ્રસંગ મળ્યો પૂનામાં. કાકા થોડા દિવસ સારુ મને સાથે લઈ ગયા હતા. એ જ અરસામાં બાપુએ એકવીસ દિવસના ઉપવાસ શરૂ કર્યા. એને એ જ ટાણે હું મલેરિયા તાવથી પટકાયો. કાકાને માટે એ કસોટીનો કાળ હતો. પોતે ગમે તેટલું કષ્ટ સહન કરી લેનાર કાકા મને કે બાને કાંઈક થાય તો મૂંઝાઈ જાય. અને બાપુના ઉપવાસ તો એમનાં શરીર-મનને નિચોવી જ નાખતા. છેલ્લા કેટલાક ઉપવાસમાં તો ખાવાનું છોડીને

બાપુનું જેટલું વજન ઘટ્યું હતું એટલું જ વજન મોટીબા (કસ્તૂરબા) અને કાકાનું ખાતાંપીતાં ઓછું થતું મેં જોયું છે. આમ બાપુના ઉપવાસ અને મારા તાવે કાકા ઉપર બેવડો બોજ નાખ્યો.

મારો તાવ સખત હતો. બે દિવસ સુધી તાવ ઊતર્યો નહીં. ત્રીજે દિવસે એ ૧૦૫° પરથી ૧૦૬° પર ચડ્યો. કાકા પોતાનું દફતર મારી પડખે લાવ્યા. દફતરમાં કામ એ વખતે મુખ્યત્વે પત્રવ્યવહારનું હતું. બાપુની તબિયતના સમાચાર દેશ અને દુનિયાને ખૂણે ખૂણે પત્રો દ્વારા પહોંચાડવાના અને એમની ખબર કાઢવા આવવા ઈચ્છનારાઓને પ્રેમપૂર્વક વારવા એ જ મુખ્ય કામ હતું. એ પત્રવ્યવહાર કાકાએ મારા બિછાના પાસે બેસીને કરવા માંડ્યો. વચ્ચે વચ્ચે માથે પોતાં મૂકતા જાય અને થોડે થોડે વખતે બાપુ પાસે એકાદ આંટો મારી આવે. મારી બાથી છૂટા રહેવાનો મારે માટે આ પહેલો પ્રસંગ હતો. તેથી તાવમાં મારું એક જ રટણ ચાલતું — 'બાને બોલાવો; બાને બોલાવો.' મારી તબિયતની ચિંતા બાપુને ન કરવી પડે એની ચિંતા કાકાના મનમાં ઝાઝેરી હતી. વળી પૂનામાં સેવાચાકરી કરનાર લોકોની કમી ક્યાં હતી કે બાને બોલાવવી પડે? ત્રીજે દિવસે તાવમાં લવરી શરૂ થઈ. શરીરને ભાન નહોતું પણ બાના નામનો જપ ચાલુ હતો! કાકા મને હા પણ નહોતા પાડી શકતા અને ના પણ નહોતા પાડી શકતા.

એક વાર મારી પડખે મનુબહેન ગાંધી (હાલ મશરૂવાળા) આવીને બેઠાં. મેં પૂછ્યું: 'બા આવી ગઈ?'

મહામહેનતે ખાળી રાખેલાં કાકાનાં આંસુ ખરી પડ્યાં. મનુબહેન તે જોઈ ગયાં. એમણે વાત મોટીબા(કસ્તૂરબા)ને કહી. મોટીબાએ જઈને બાપુને કહી. બાપુએ કાકાને પોતાની પાસે બોલાવ્યા. કાકા ગયા ત્યારે તેમણે કહ્યું: 'મહાદેવ, એક તાર લખો.' કોઈ પણ તાર કરવાનો હોય તો તેઓ આમ જ કાકાને બોલાવીને લખાવતા. એટલે કાકા કલમ અને કાગળ લઈને હાજર થયા. પણ જ્યારે તાર બાને બોલાવવા સારુ થાય છે એમ ખબર પડી ત્યારે કાકાએ એનો વિરોધ કર્યો. 'શી જરૂર છે એને બોલાવવાની? અહીં તો બાબલાની દેખરેખ રાખનારાં ઘણાં છે. મનુ છે, બા છે, અને ડૉ. દિનશા તો રોજ બે વાર એને તપાસે જ છે. એનો તાવ તો મલેરિયા જ છે. દુર્ગાના આવતાં સુધીમાં તો

એ ઊતરી જશે. નાહકનું ખર્ચ —'

કાકાના વાકયને વચ્ચેથી કાપતાં બાપુએ કહ્યું: 'મેં તમને બોલાવ્યા'તા તાર લખાવવા સારુ. મારી જોડે ચર્ચા કરવા નથી બલોવ્યા.'

કાકા અને બાપુને મેં ચર્ચા કરતા જોયા છે — એક એક શબ્દ ખાતર, એક એક વિરામચિહ્ન ખાતર. રાષ્ટ્રના ભવિષ્ય અંગે લેવાનારી નીતિ અંગે, દર્શનશાસ્ત્રના કોઈક મુદ્દા અંગે, ઈતિહાસના અર્થ અંગે. કોઈ કોઈ વાર આ ચર્ચા મૌખિક મટીને પત્રવ્યવહારમાં પણ પરિણમી છે. અને એ પત્રવ્યવહાર દિવસોના દિવસો સુધી ચાલ્યાં છે. પણ અત્યારે બાબલાની માંદગીના તાર અંગે મહાદેવને ચર્ચા કરવાનો અધિકાર નથી. બાપુની આજ્ઞા છે. અને એક વાર આજ્ઞા છે એમ સમજ્યા પછી મહાદેવ પણ એને માથે જ ચડાવે છે. પછી એમાં દલીલને કોઈ સ્થાન નથી. તાર થયો ને બા આવી પહોંચ્યાં. તે પહેલાં જ મારો તાવ પણ ઊતરી ગયો હતો. અને કાકાનું દફતર મારી પાસેથી ખસીને બાપુ પાસે પહોંચી ગયું હતું. આ પ્રસંગની જાણ બેત્રણ દિવસ પછી કાકાએ મને કરી ત્યારે તેમના મુખ પર સ્મિત ખીલતું હતું.

## અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ

ગાંધી સેવા સંઘની મીટિંગો દર વરસે જુદા જુદા પ્રાંતોમાં થતી. એવી એક મીટિંગમાં બાપુને હાથે મને જનોઈ દેવાયેલું અને મારી ફોઈનાં લગ્ન થયેલાં. ૧૯૩૮ની ગાંધી સેવા સંઘની મીટિંગ ઓરિસાના પુરી જિલ્લામાં ડેલાંગ ગામે થઈ હતી. સામાન્ય રીતે હું તો કાકા સાથે આવી બધી મીટિંગોમાં જતો. પણ મારી બા ડેલાંગ પુરીની પાસે હતું તેથી જ ત્યાં આવેલી.

સંમેલનના અધ્યક્ષ કિશોરલાલકાકા(મશરૂવાળા)એ કાર્યકર્તાઓમાં અહિંસા વિશે કેટલાક રસપ્રદ પ્રશ્નો ઊભા કરેલા. બાપુ સંમેલનમાં તો બોલતા જ, પણ રોજ પ્રાર્થના પછી એમને સારુ એક જાહેર સભા પણ થતી. ઉપરાંત દિવસમાં એક કે બે વાર એમનાં દર્શન સારુ એકઠા થયેલા હજારો લોકો આગળ એમને હાજર થવું પડતું. એ દશ્ય અદ્‌ભુત હતું. રોજ સવાર-સાંજ એક મેદાનમાં હજારો લોકોની ભીડ જામતી. આટલા લોકો હોવા છતાં ત્યાં જરાય અશાંતિ નહોતી.

કેટલીક વાર તો દર્શન કરવા સારુ આ લોકો કલાકોના કલાકો સુધી બેસી રહેતા. બાપુ એમની આગળ જઈ મંચ ઉપર ચડી, માત્ર નમસ્કાર કરીને પાછા જતા. અને એટલાથી પારાવાર તૃપ્તિ અનુભવી લોકો રાત પડે તે પહેલાં પોતાનાં દૂર દૂરનાં ગામડાં સુધી પહોંચી જવા પગપાળા નીકળી પડતા.

પ્રદર્શનના ઉદ્‌ઘાટન વખતે હજારોની ભીડ થઈ હતી. એ ભીડની આગળ બોલતાં જ બાપુએ પુરીના મંદિરનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે, 'જ્યાં સુધી મંદિર હરિજનો સારુ ખુલ્લું મુકાય નહીં ત્યાં સુધી જગન્નાથ એ જગતના નાથ નથી, પણ મંદિરની છાયામાં પેટ ભરતા પંડાઓના નાથ છે.' પુરીના મંદિરમાં બાપુને હરિજનયાત્રા વખતે પ્રવેશ નહોતો મળ્યો અને એમની ઉપર આક્રમણ પણ થયેલું. મોટીબાએ ડેલાંગ સુધી આવ્યાં છીએ તો પુરી જવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. બા અને વેલાંમાસી તો એટલા સારુ જ આવ્યાં હતાં. બાપુએ એ લોકોને પુરી મોકલવાની બધી વ્યવસ્થા કરવાનું કાકાને કહ્યું. કાકાને પુરી જવામાં રસ ન હતો, પણ બાપુએ બેત્રણ વાર કહ્યું એટલે એમણે પુરી જવાની વ્યવસ્થા કરી આપી. હું પણ પુરી જનારાઓમાં એક ખરો. અમારી સાથે મણિલાલકાકા પણ જાય એમ ગોઠવાયું હતું, પણ એમની તબિયત બગડી કે આવા જ કોઈ કારણસર એ સંઘથી જુદા પડી ગયા.

હવે બાપુને મન બા પુરી ગયાં એટલે સમૂહસ્નાન કરીને પાછાં આવશે એમ હતું. અને બાને મન પુરી જવું એટલે જગન્નાથજીનાં દર્શન કરવાં એ હતું. કાકાના મનમાં એમ હતું કે બાપુ પોતે તો મંદિરમાં ન જાય, પણ એમની પોતાની અહિંસામાંથી ઊપજતી અપાર ઉદારતાને કારણે તેઓ આ લોકોને મંદિરમાં જવાને રોકતા નથી. મારી બા વિશે કાકાએ એમ માનેલું કે અસ્પૃશ્યતાને તો એ માનતી નથી જ. અમારા ઘરમાં વર્ષોથી હરિજનો રહેતા હતા. પણ જો એ મંદિરમાં જતી હોય તો એની શ્રદ્ધાને કાકા શા સારુ ડગાવે? આવા કંઈક વિચારસર એમણે બાને મંદિરમાં જવાની મનાઈ કરી નહોતી.

અમે પુરી ગયાં. દરિયામાં નાહ્યાં. આખું શહેર ફર્યાં. પછી મંદિરે ગયાં. મંદિરનાં બારણાં આગળ હિન્દુઓ સિવાય બીજાને ન જવા દેવાનો હુકમ લખેલો હતો, ત્યાં હું અને લીલા ફોઈ અટક્યાં. મોટીબા, બા,

વેલાંમાસી અને બીજાં કેટલાંક ભાઈબહેનો અંદર ગયાં. હું બહાર રહ્યો રહ્યો પંડાઓ સાથે વાદવિવાદ ચલાવતો રહ્યો. પંડાઓએ મને સમજાવ્યું કે અસ્પૃશ્યો બ્રહ્માના પગમાંથી પેદા થયા છે, જ્યારે બ્રાહ્મણો તેમના માથામાંથી પેદા થયા છે, માટે અસ્પૃશ્યો એમનાથી નીચા છે. મેં એ વાત માનવાનો ઈન્કાર કર્યો, અને કહ્યું કે, 'ભગવાનની નજર આગળ તો સૌ બાળકો સરખાં છે.'

બા વગેરે મંદિરમાંથી પાછાં ફર્યાં ત્યારે એમના ચહેરા પર અત્યંત તૃપ્તિનો ભાવ હતો. અમે બધાં પાછાં ફર્યાં. આ સંઘમાં કેટલાક અડપલા લોકો પણ હતા. મંદિરમાં જવામાં પણ એ પહેલા હતા, અને બાપુ પાસે જઈને ચાડી ખાવામાં પણ એ પહેલા હતા. 'બાપુ, આખા પુરી શહેરમાં એની ચર્ચા ચાલી રહી છે કે કસ્તૂરબા મંદિરમાં જઈ આવ્યાં. પુરી સ્ટેશનના સ્ટેશન માસ્તર પણ અમને પૂછતા હતા કે, ''હેં; મિસિસ ગાંધી મંદિરમાં ગયાં!'' '

બાપુને આશા હતી કે બા પુરી જાય છે પણ મંદિરમાં નહીં જાય. અને જવા માગતાં હશે તોપણ મહાદેવે એમને મારી વાત સમજાવીને મોકલ્યાં હશે. પણ એવું કંઈ નહોતું બન્યું તેથી બાપુને ભારે આઘાત લાગ્યો. એમણે કાકાને કહ્યું: 'મહાદેવ, આપણે ત્રણેએ તો છેડા ફાડી આપવા પડશે.' પણ એમાં વિનોદ કરતાં વેદના વધુ હતી. એમનું લોહીનું દબાણ સૌને ગભરાવી મૂકે તેવું ચડી ગયું. પછી બા અને કાકાને બોલાવીને કહ્યું, 'મહાદેવ, તમે ભારે ગફલત બતાવી. તમે તમને પોતાને અન્યાય કર્યો, મને અન્યાય કર્યો, દુર્ગાને કર્યો. તમારો ધર્મ એ હતો કે એ લોકોને ફરી પાછો ઈતિહાસ કહેવો જોઈતો હતો. પુરીમાં મારા શા હાલ થયા હતા તે કહેવું જોઈતું હતું. એ સાંભળીને પણ એ જવા માગત તો મારી પાસે લાવવાં જોઈતાં હતાં. છતાં એ ન માનત તો પછી જવા દેત. બળાત્કારની વાત નહોતી, પણ સમજાવવામાંથી કંઈ ચુકાય?'

કાકાને પોતાની ભૂલ તો સમજાઈ પણ એમને લાગ્યા કરે કે આ બધું ગેરસમજને પરિણામે છે. પણ તેથી બાપુને આટલો આઘાત લાગે એ કાકાને સમજાતું નહોતું. કાકાએ આ વાત સંઘના સભ્યો આગળ કરી. બાપુએ પણ પોતાની વેદના સંઘ આગળ ઠાલવી. 'બા મંદિરમાં

ન ગઈ હોત તો હું પાંચ ગજ ઊંચો ચડત તેને બદલે નીચો પડચો. જે શક્તિથી મારું કામ ચાલી રહ્યું હતું તેનો હ્રાસ થઈ ગયો હોય એમ મને લાગ્યું. એ લોકોનું તો અજ્ઞાન જ હતું એ વિશે શંકા નથી. પણ એમને અજ્ઞાન રાખનાર કોણ? આપણે જ ના? એમના અજ્ઞાનને ન ફેડવામાં અહિંસા નથી, હિંસા છે. આજે હરિજનો પણ માને છે કે આપણે એમને ઠગી રહ્યા છીએ. માને જ, કારણ આપણે તો મંદિરમાં જતા રહીએ, એ લોકોને જ્યાં પ્રવેશ ન હોય તેવાં સ્થાનોનો ઉપયોગ કરતાં રહીએ તો એ લોકો શી રીતે માને કે હરિજનોને આપણે અપનાવ્યા છે?'

આ ભાષણથી કાકા ઊકળી ઊઠચા — પોતા ઉપર. 'અસ્પૃશ્યતા જેવા પ્રશ્નમાં મારી આવી ગંભીર ગેરસમજ થઈ હોય તો હું ગાંધીજીના વિચારને સમજાવનાર કોણ? મેં જ બાપુને એટલો ત્રાસ આપ્યો તો બીજાને રોકનાર હું કોણ?'

રાતના ઉજાગરા થયા. કાકા રડચા. બા રડી. મોટીબા રડચાં. બાપુ રડી ન શકચા પણ એમનું બ્લડપ્રેશર ઊછળી ઊઠચું. કાકાએ બાપુનો સાથ છોડવાનો વિચાર કર્યો. સવારે હું ઊઠચો ત્યારે મને પ્રસંગની ગંભીરતા વધુ સમજાઈ. કાકા કહે: 'બાબા, આપણે દિહેણ જઈશું. હું ખેતી કરીશ ને તને ભણાવીશ.'

મેં એમને ઘસીને ના પાડી. 'તમારે જવું હોય તો જજો. હું તો નથી જવાનો.'

બાએ પણ કાકાના નિર્ણયને ટેકો નહોતો આપ્યો.

બાપુએ તો વાત સાંભળવાની જ ના પાડી. 'ભક્તને હાથે મરવું એ અભક્તને હાથે જીવવા કરતાં બહેતર છે. તમે અંધપ્રેમને લીધે તમારી પત્નીનો વહેમ પોષ્યો. તમારે તમારી ભૂલ સમજીને બીજે દિવસે સંઘ લઈને પુરી પહોંચવું જોઈતું હતું એને બદલે રોવા બેઠા. કેવી એ કાયરતા!'

કાકાએ બાપુનો સાથ છોડવાનો વિચાર પડતો મૂકચો. આ ઘટના વિશે બીજે અઠવાડિયે તેમણે 'હરિજન બંધુ'માં એક લેખ લખ્યો. તેમાં તેમણે લખ્યું:

'ફરીફરીને મને થતું હતું કે આ બધું થોડી ગેરસમજમાં નથી ઊપજ્યું? મોટાં મોટાં પાપને શિવજી હળાહળ પી ગયા તેમ પી જનાર બાપુ

આવા એક બુદ્ધિદીપ ઉપર શા સારુ વલોવાયા હશે? આમ તે રજનો ગજ થતો હશે?...આ મારી તે કાળની લાગણી છે. આજે સ્વસ્થ થઈને વિચાર કરું છું ત્યારે થાય છે કે હું એમની પરીક્ષા કરનાર કોણ? મને જે રાય લાગે તે એમને પહાડ લાગે તો? તંદ્રારહિત રહીને પચાસ પચાસ વર્ષો થયાં ધર્માચરણ કરનાર ધર્મ વધારે સમજે કે રાગદ્વેષથી ભરેલો હું ધર્મ સમજું? અને એમની સાથે રૂસણું શું? એમની પાસેથી જઈને કયાં જવાપણું હતું? એમને સંતનું પદ આપીને સ્વર્ગના દેવતા બનાવવા એ ન્યાય કહેવાય? એ તો પોતાને દેવતા કદી માનતા નથી, મહાત્માયે નથી માનતા, આપણા જેવા કાળા માથાના માનવી માને છે; અને એટલા માટે જ એમની સાથે રહી શકાય છે.કોઈ વાર એમનો તાપ ઉગ્ર થાય તેથી કેમ કંટાળાય? અને કંટાળીને ભાગીએ કે એ તાપમાં ભગવાન આપણને પણ ખાક કરી નાખે એમ માગીએ?'

કાકાના સ્વર્ગવાસ પછી શ્રી ઝવેરચંદ મેઘાણીએ એમને વિશે જે લેખ લખ્યો હતો તેનું મથાળું આપ્યું હતું; 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'. એ મથાળું આ પ્રસંગે શબ્દશઃ સિદ્ધ થતું હતું.

## મોહન ને મહાદેવ

બાપુ સાથે જોડાયા ત્યાર પછીનાં એકવીસ વર્ષમાં કાકાએ બે વાર રજા ભોગવેલી. એક વાર ટાઇફોઈડની બીમારીને લીધે. અને બીજી વાર બ્લડપ્રેશરની બીમારીને લીધે. બાકી એમના પિતાશ્રીના અવસાન વખતે પણ કામ તો કાકાએ ચાલુ જ રાખ્યું હતું. એકવીસ વરસ પછીની બીજી બીમારી વખતે વ્યવસ્થિત રીતે છુટ્ટી લઈને કાકા સિમલા આરામ કરવા ગયેલા. ત્યાર પછીની ત્રીજી બીમારીમાં તો તેઓ કાયમની છુટ્ટી લઈને ચાલ્યા ગયા. પણ આ બે અપવાદોને બાદ કરતાં પચીસ વર્ષમાં એમણે એકેય રવિવાર પાળ્યો નહોતો. દિવાળી, હોળી કે ઉનાળાની રજા લીધી નહોતી.

૧૯૩૮માં મગનવાડીમાં એમનું લોહીનું દબાણ વધી ગયું અને કોઈ કોઈ વાર ચક્કર આવવા લાગ્યાં. એનું પ્રત્યક્ષ કારણ તો એ હતું કે વર્ધાની ગરમીમાં કાકાને રોજ એક વાર વર્ધાથી સેવાગ્રામ જવા-આવવાનું થતું. કોઈ કોઈ દિવસ એકને બદલે બે આંટા પણ થતા. તે દિવસે

બાવીસ માઈલ ચાલવાનું થતું. વર્ધાની ગરમી ઉનાળામાં ૧૧૫°થી ૧૨૦° સુધી પહોંચી જતી.

આટલા શારીરિક પરિશ્રમ ઉપરાંત બાપુના કામનો બોજો તો કાકા જ વેંઢારી શકે. છેલ્લાં દસપંદર વરસથી મેં કાકાને રોજના પંદર કલાકથી ઓછું કામ કરતા જોયા નહોતા. મગનવાડીથી અમે સેવાગ્રામ રહેવા ગયાં ત્યાર બાદ જવા-આવવાનો ફેરો બચી ગયો, પણ એટલા કામના કલાક ઉમેરાયા. બધાં કામમાંથી પરવાર્યા પછી રાતે સૂતા પહેલાં કાકાને કોઈ પુસ્તક વાંચવાની ટેવ હતી. વાંચવા બાબત તેઓ હંમેશાં અદ્યતન રહેતા. એક વાલજીભાઈ દેસાઈ અને બીજા પ્યારેલાલજીને બાદ કરતાં કાકા કરતાં વધારે વાંચનાર બાપુના આશ્રમમાં બીજું કોઈ નહોતું.

કાકાના કામમાં બાપુની ટપાલ જોઈ, એમાંના મોટા ભાગના પત્રોના જવાબ લખવા, બાપુ સાથે મુલાકાત કરવા ઈચ્છનાર જોડે વાતો કરીને બાપુનો સમય બચાવવો, બાપુની મુલાકાતોની નોંધ લખવી અને 'હરિજન'પત્રો સારુ લેખો લખવા કે અનુવાદ કરવા એટલાં મુખ્ય ગણાવી શકાય. અવારનવાર કોઈક પુસ્તક તૈયાર કરવાનું કે કોઈ દૈનિક છાપાંઓ સારુ લેખો લખવાના કે કોઈ સભામાં ભાપણ કરવાનું એ વધારાનાં કામોમાં ગણાવી શકાય.

બાપુ સાથેના કામનું પ્રમાણ અસાધારણ હતું. એ બધાં કામને કાકા શી રીતે પહોંચી વળતા એ જ એક આશ્ચર્ય હતું. મને લાગે છે કે એ આશ્ચર્ય પાછળ મુખ્ય કારણ હતું બાપુ અને કાકા વચ્ચે સધાયેલું અસાધારણ તાદાત્મ્ય. એ સંબંધમાં દાસ્યભક્તિ અને સખ્યભક્તિનાં લક્ષણોનો અજબ સુમેળ હતો. ૧૯૧૫માં પહેલી વાર જ્યારે બાપુને મળવા કાકા અમદાવાદ પાસે કોચરબ આશ્રમમાં ગયા ત્યારે જ બાપુએ એમનાં લખાણો વગેરે જોઈને કહેલું કે, 'તમારું સ્થાન તો મારી સાથે છે.' અને તે જ દિવસે એલિસબ્રિજ ઉપરથી પાછા ફરતાં કાકાએ સ્વ. શ્રી નરહરિભાઈ પરીખને કહેલું કે, 'આખી જિંદગી કોઈના ચરણોમાં બેસીને ગાળવા જેવું લાગતું હોય તો તે આ પુરુપ વિશે લાગે છે.' આમ પ્રથમ દૃષ્ટિએ જે તારામૈત્રક રચાયેલું તે જ સંબંધ [illegible] ધીરે પરિપક્વ થતાં એકાત્મતા સુધી પહોંચેલું.

Acc. No. 130330
Date

કાકાનું વ્યક્તિત્વ બાપુ કરતાં સાવ જુદું અને સ્વતંત્ર હતું. બાપુનું વિભૂતિત્વ સૂર્ય જેવું પ્રખર હતું, કાકાનું ચંદ્ર સમું શીતળ; બાપુ અનાસક્ત કર્મયોગી હતા, કાકા રસિક ભક્ત; બાપુ હિમાલય સમા ઉચ્ચ અને ઉજ્જ્વલ હતા, કાકા ગંગા સમા કરુણાસભર. પણ વ્યક્તિત્વની આટલી વિવિધતા છતાં બંને વચ્ચે આત્મિક અભિન્નતા આશ્ચર્યકારક હતી.

કેટલાક દાખલા આપું. સાહિત્યની દષ્ટિએ જોઈએ તો બાપુ વાસ્તવવાદી; શબ્દલાઘવસમ્રાટ – એક શબ્દથી બનતું હોય તો બે શબ્દ ન વાપરનાર. અને કાકા કંઈક સ્વૈરવિહારી, ઉપયુક્ત અલંકારયુક્ત રસમય શૈલી ધરાવનાર. છતાં લેખની શૈલીમાં કાકાએ બાપુની શૈલી શી હોય છે તે બરાબર જાણી લીધેલું. 'હરિજન' કે 'હરિજનબંધુ'ના ઘણાય વાચકોના એવા અભિપ્રાય આવતા કે લેખની નીચે M. K. G.; મો. ક. ગાં. કે M. D.; મ. દે. વાંચીએ નહીં ત્યાં સુધી અમને ખાતરી થતી નથી કે લેખ બાપુનો છે કે મહાદેવભાઈનો. 'હરિજન'પત્રો સારુ જે કાંઈ પણ લખે તે બાપુને બતાવ્યા વિના પ્રેસમાં ન મોકલવાનો કાકાનો રિવાજ હતો. બાપુ પણ એ લેખોને ચીવટથી જોતા અને જરૂર હોય ત્યાં સુધારાઓ પણ કરતા. પણ ઘણીયે વાર એમ બનતું કે જોઈ જવા સારુ આપેલા લેખો નીચે બાપુ પોતાની સહી કરી દેતા ને એ લેખ બાપુનો બની જતો! ૧૯૪૨ના આંદોલન પહેલાં લખાયેલો An appeal to every Briton એ પ્રકારનો લેખ હતો અને બનતાં સુધી An appeal to every Japanese પણ.

બાપુ સાથેની ચર્ચામાં વધુ વખત ગાળવો ન પડે એટલા સારુ રાજાજી, ભૂલાભાઈ અને કોઈ વાર જવાહરલાલજી પણ કાકા સાથે ચર્ચા કરીને કામનો મોટો ભાગ પતાવી દેતા. એ દિવસોમાં ભાગ્યે જ કોઈ એવો દિવસ ગયો હશે કે જ્યારે સરદારનો ટ્રંક-કૉલ ન આવ્યો હોય. 'કેમ, ડોસા શું કહે છે?' કરીને વાત શરૂ થાય તે અચૂક છ મિનિટ પૂરી થાય ત્યાં સુધી લંબાય.

કાકા શૉર્ટહૅન્ડ નહોતા જાણતા. પણ એમની લખવાની ઝડપ અસાધારણ હતી. કેટલાક શબ્દો તેઓ ટૂંકાવીને લખતા ખરા, પણ બાપુના બોલમાંથી એક શબ્દને એ ઝીલ્યા વિના રહેતા નહીં. એક વાર બાપુ સાથે ચર્ચા કરવા કેટલાક અમેરિકન મિત્રો આવ્યા હતા. કાકા એ વાર્તાલાપની નોંધ

પોતાની ઢબે લેતા હતા અને અમેરિકનો પૈકી એક બાઈ લઘુલિપિમાં નોંધ લેતી હતી. બીજા દિવસે પેલી બાઈ તો આભી જ બની ગઈ. એ કહે: 'You simply beat me hollow!' (તમે તો મને ખરેખરી માત કરી દીધી!)

બાપુનાં ભાષણોની નોંધ લેતી વખતે કાકાને માત્ર નોંધ લેવાનું કામ જ નહોતું કરવું પડતું. બાપુ ભાષણ કરતી વખતે હમેશાં મુદ્દાસર વ્યવસ્થિત રીતે બોલતા નહોતા. એમનાં ભાષણોમાં સહજતા હતી, પણ ક્રમબદ્ધતા નહોતી. કાકા ભાષણની નોંધ કરતી વખતે જ એને વ્યવસ્થિત કરી લેતા. ફૈજપુર કૉંગ્રેસ વખતે તો બાપુના એક હિંદી ભાષણની નોંધ કાકાએ અંગ્રેજીમાં પ્રેસ ટેલિગ્રામના ફૉર્મ પર કરેલી કે જેથી ભાષણ પૂરું થતાવેંત એને દુનિયા આગળ ધરી શકાય. કેટલીક વાર બાપુના નજીકના સાથીઓ પણ બાપુએ ભાષણમાં ચોકકસ શું કહ્યું એ કહી શકતા નહીં ત્યારે એ લોકો મનને મનાવતા: 'મહાદેવભાઈની નોંધ આવશે ત્યારે સમજાઈ જશે!'

આ તાદાત્મ્ય બધા જ સમજી શકતા એમ ન કહી શકાય. એક વાર એક પંજાબી ભાઈને બાપુ સાથે મુલાકાત જોઈતી હતી. તેની સાથે વાત પતાવીને કાકાએ કહ્યું કે, 'હવે તમારે બાપુને મળવાની જરૂર રહેતી નથી. પેલા ભાઈને એનાથી સંતોષ ન થયો. બે વાર કાકા સાથે ચર્ચા કરી એ પાછો ગયો. પણ જતાં જતાં કોઈ આશ્રમવાસીને એ કહેતો ગયો કે હું જરૂર મહાદેવભાઈને ગોળીથી ઠાર કરીશ! આ સમાચારથી મારી બા જરા બીધેલી પણ ખરી, પણ કાકા તો ખડખડાટ હસેલા.

એક વાર બાપુ અને કાકાના તાદાત્મ્યનો એક અદ્દ્ભુત કિસ્સો જોયો. બાપુ એમની કુટીની સામે ઊભા હતા. કાકા સાથે વાતો ચાલતી હતી. એટલામાં એમને કાંઈક લખાણ કરવાનું યાદ આવ્યું. એટલે કાકાને કહે: 'મહાદેવ! લખો.' કાકાએ ત્યાં જ ઊભા ઊભા લખવા માંડ્યું. બાપુ બોલે ને કાકા લખે. હું પડખે ઊભો જોતો હતો. થોડી વાર પછી બાપુના બોલવા કરતાં કાકાની લખવાની ગતિ વધી ગઈ. એટલે કે બાપુ બોલે તે પહેલાં જ કાકા તેઓ શું બોલશે તેનું અનુમાન કરી લખવા લાગ્યા! વચ્ચે એક શબ્દ બાપુએ એવો લખાવ્યો કે જે કાકાએ નહોતો લખ્યો, એટલે કાકાએ બાપુને રોકયા.

'બાપુ, થોભો. મેં તો આ ઠેકાણે બીજો શબ્દ વાપર્યો હતો અને તમે આ શબ્દ કેમ લખાવ્યો?'

બાપુએ થોડી રમૂજ અનુભવી. પણ તેઓ પણ શબ્દો બાબત જબરા આગ્રહી.

'મહાદેવ, તમારાથી આ શબ્દ લખાય જ કેમ? મારા મોઢામાંથી મેં લખાવ્યો તે જ શબ્દ નીકળે.'

અને પત્ર લખવામાં જેટલો વખત ગયો એના કરતાં વધારે વખત કયો શબ્દ બાપુની ભાષામાં બંધ બેસે એની ચર્ચા કરવામાં ગયો. બનતા સુધી છેવટે બાપુનો વાપરેલો શબ્દ જ રાખવામાં આવ્યો, પણ મહાદેવે લખ્યો હતો તે શબ્દમાં પણ તથ્ય હતું એ બાપુએ સ્વીકાર્યું ત્યાર પછી જ!

## 'મારે એક સ્વામી બસ છે'

બાપુએ દેશ આગળ એકેય એવો રાજનૈતિક કાર્યક્રમ નહીં બતાવ્યો હોય કે જેને બીજે પાસે કાંઈક ને કાંઈક રચનાત્મક કાર્યક્રમ ન જોડાયો હોય. દેશમાં સ્વદેશી આંદોલન ચાલતું હતું અને તેની સાથે વિદેશી કપડાંની હોળી કરવા સુધીનો કાર્યક્રમ આવેલો. બાપુએ એની સાથે ખાદી અને ગ્રામોદ્યોગના કાર્યક્રમ દ્વારા એવો રચનાત્મક કાર્યક્રમ આપ્યો કે આજે પચાસ વરસ પછી પણ દરિદ્ર ભારતની જનતા સારુ એનું મહત્ત્વ ઓછું થયું નથી. અસ્પૃશ્યતાનિવારણ સાથે એમણે ગ્રામસફાઈનો કાર્યક્રમ આપ્યો. ઈતિહાસમાં ભાગ્યે જ કોઈ એવો રાષ્ટ્રનેતા પાક્યો હશે કે જેની પ્રતિભા જીર્ણને તોડી પાડીને નવીનનું નિર્માણ કરવાની બેવડી પ્રક્રિયામાં આટલી કુશળતાથી લાગી હોય.

એ જ રીતે ભાષાવાર પ્રાંતરચનાના રાજકીય કાર્યક્રમ સાથે તેમણે માતૃભાષા પ્રેમ અને રાષ્ટ્રભાષાના ભણતરના રચનાત્મક કાર્યક્રમો આપ્યા. દુર્ભાગ્યે એમના સૂચવેલા રાજકીય કાર્યક્રમને તો હોંશે હોંશે ઉપાડવામાં આવ્યો, પણ એમણે ઉપાડેલા રચનાત્મક કામમાં એટલી હોંશ દેખાડવામાં આવી નહીં. એ હોંશ જો દેખાડાઈ હોત તો કદાચ આજે ભારતના ભાગ્યમાં ભાષાકીય તોફાનોનાં કલંક લખાયાં ન હોત.

વરસો પહેલાં જ બાપુએ દક્ષિણમાં હિંદી પ્રચારનો આરંભ કરી દીધો હતો. અશોકે જેમ બૌદ્ધ ધર્મના પ્રચાર અર્થે સંઘમિત્રાને મોકલી તેમ હિંદીના પ્રચાર અર્થે બાપુએ પોતાના સૌથી નાના પુત્ર દેવદાસભાઈને મોકલ્યા. એમણે દક્ષિણમાં હિંદી પ્રચારનાં નાખેલાં બી આજે વૃક્ષ બની ફૂલ્યાંફાલ્યાં છે. દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભાની એક મીટિંગમાં પ્રમુખ તરીકે બાપુને જવાનું હતું. મદ્રાસમાં દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભાનું વાતાવરણ જેણે જોયું હોય એ માની જ ન શકે કે એ કોઈ અહિંદીભાષી પ્રાંતમાં આવ્યો છે. નાનામાં નાનાં બાળકો પણ શુદ્ધ હિંદીમાં વાત કરતાં. આમેય તામિલ લોકો ભણવામાં શૂરા છે. તેમાં આમાં તો બાપુની પ્રેરણા હતી. બાપુને હાથે હિંદી ભાષાનાં પ્રમાણપત્રો અપાયાં. એક નાનકડી બાળકીએ બાપુને જે માળા પહેરાવી તે એમણે હસતાં હસતાં પાછી એ બાળકીના ગળામાં પહેરાવી. બાપુના ભાષણની હિંદી કરતાં પેલી બાળકીની હિંદી કાંઈ ઊતરે એમ નહોતી. બાપુએ દક્ષિણવાળાઓને હિંદી અને ઉત્તર હિંદના વાસીઓને દક્ષિણની કોઈ ભાષા શીખવાની ભલામણ કરી. તેઓ પોતે તો દક્ષિણ આફ્રિકામાં ભારતીય મજૂરો વચ્ચે કામ શરૂ કર્યું ત્યારથી તામિલ થોડીઘણી જાણતા હતા. મારા કાકાએ બાપુના ભાષણથી પ્રેરણા લઈ તામિલ શીખવાનું શરૂ કર્યું. હમણાં એમના તે વખતના તમિલ શિક્ષક શ્રી અરુણાચલમે એ પ્રસંગને યાદ કરી મને કહ્યું: 'એમ તો મહાદેવભાઈ મારી પાસે તામિલ ભાષા શીખતા હતા. પણ તામિલ ભાષાની ખૂબીઓ ઘણીયે હું એમની પાસે શીખી શક્યો અને ભાષા કેમ શીખવવી એ પણ મને એમણે જ શીખવ્યું એમ કહી શકાય.'

બાપુનો સુઝાડેલો ભાગ્યે જ કોઈ એવો રચનાત્મક કાર્યક્રમ હશે કે જે કાકાએ તરત ઉપાડી ન લીધો હોય. કાંતવા બાબતની કાકાની નિષ્ઠા તો અપાર હતી. ગમે તેવા કામમાં પણ એ અચૂક કાંતતા. છેવટના દિવસોમાં રોજ ૫૦૦ વાર કાંતવાનો એમણે નિયમ બનાવ્યો હતો. (એ કાંતે ત્યારે જ મને ભણાવવાનો સમય એમને મળતો.) ૧૫મી ઑગસ્ટ ૧૯૪૨ને દિવસે કાકા આગાખાન મહેલમાં ગુજરી ગયા. ૧૪મી ઑગસ્ટ સુધી એમણે રોજ ૫૦૦ વાર કાંતવાનો નિયમ પાળ્યો હતો.

રચનાત્મક કામ અને ભાષાની જોડનારી શક્તિ વિશે બાપુને કેટલી શ્રદ્ધા હતી તેનો એક દાખલો આપું. પોતાની છેલ્લી જેલ પછી માંદગીને લીધે બહાર આવીને તેઓ પંચગની ગયા હતા. તે વખતે બાપુ કાંતે ત્યારે હું રોજ એમની પાસે બેસીને એક કલાક સુધી એમને છાપાં વાંચી સંભળાવતો. એક દિવસ સર સર્વપલ્લી રાધાકૃષ્ણન્ બાપુને મળવા આવ્યા. તેમણે બાપુની પાસે મને જોઈને બનારસ યુનિવર્સિટીમાં આવીને એમની પાસે ભણવાનો આગ્રહ કર્યો. મેં સ્વરાજ ન મળે ત્યાં સુધી કોઈ સ્કૂલ-કૉલેજમાં ન જવાનો મારો નિર્ધાર એમને કહ્યો. સર સર્વપલ્લીએ બાપુ આગળ પણ મારે વિશે વાત કરી હશે એટલે બીજે દિવસે કાંતતી વખતે હું છાપાં લઈ બેઠો ત્યારે એમણે મને કહ્યું: 'આજે છાપાં નથી વાંચવાં. આજે તારા ભવિષ્ય વિશે વાતો કર. તેં રાધાકૃષ્ણનને ના પાડી એ તો યોગ્ય જ કર્યું, પણ ભવિષ્યમાં શું કરવાનો છે એ તારે નક્કી કરી લેવું જોઈએ.' મેં તેમને કહ્યું કે: 'એને સારુ આખો કલાક આપવાની જરૂર નથી. ૫ મિનિટ બસ થશે.' ૫૫ મિનિટ સુધી મેં છાપાં વાંચ્યાં. પછી મેં એમને કહ્યું: 'ભવિષ્યમાં શું કરવું છે એ મેં નક્કી કરી લીધું છે. આજે તમારા સાથીઓમાંના કેટલાક રાજકારણમાં પડેલા છે અને બીજા કેટલાક રચનાત્મક કામમાં પડેલા છે. મને એ બંને એકાંગી લાગે છે. મારે એ વચ્ચેના પુલ થવું છે.' એટલું કહીને હું ચૂપ રહી ગયો. બાપુએ ત્રણ મિનિટમાં મને માર્ગદર્શન આપ્યું તેમાંય એકાદ મિનિટ તો મારી કદર કરવામાં કાઢી નાખી. એમણે કહ્યું: 'તેં કલાકને બદલે પાંચ મિનિટ લેવાનું પસંદ કર્યું એ મને ગમ્યું. તેં જે નિર્ણય કર્યો છે એ પણ સરસ છે. એને સારુ બે કામ કરજે: એક તો ખાદીવિદ્યા સારી રીતે શીખી લેજે, અને બીજું હિંદની બધી ભાષાઓ શીખી લેજે. હિંદને જાણવા સારુ એ જરૂરી છે.'

દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભામાંથી પાછા આવતાં એક પ્રસંગ બનેલો તેની પણ અહીં જ નોંધ કરી લઉં.

મદ્રાસથી વર્ધા આવતાં વચ્ચે બેઝવાડા (વિજયવાડા) આવે છે. બે મોટા ડુંગરાઓની વચ્ચેથી વહી આવતી કૃષ્ણા નદી ત્યાં આગળ ભવ્ય રૂપ ધારણ કરે છે. આજે એના બંધ ઉપર વીજળીની બત્તીઓની ઝાકઝમાળ છે. તે વખતે ત્યાં ઊઘાડ પ્રકૃતિનું અકૃત્રિમ સૌંદર્ય હતું. વિજયવાડા સ્ટેશન

આવતાં પહેલાં વાત નીકળી. જમનાલાલજી તે અરસામાં રમણ મહર્ષિના આશ્રમમાં જઈ આવ્યા હતા. એમણે આશ્રમના વાતાવરણની પવિત્રતા અને ત્યાંની શાંતિનાં બાપુ આગળ ખૂબ વખાણ કરેલાં. કોઈ પણ સાધુ-પુરુષનું નામ નીકળે એટલે કાકાનું હૈયું પાણી પાણી જ થઈ જાય. તેઓ ભક્તિપૂર્વક અને ઉત્સાહથી રમણ મહર્ષિ વિશે પૂછપરછ કરવા લાગ્યા. જમનાલાલજી, બાપુ અને કાકા ત્રણેને સમાન રસનો વિષય મળી ગયો. વાતવાતમાં બાપુએ સૂચવ્યું: 'તમે કાં ન એમના આશ્રમમાં જઈ આવો મહાદેવ!' કાકાનું અંતર હરખાઈ ઊઠ્યું. જમનાલાલજીએ એમને પ્રોત્સાહન આપ્યું: 'હા, હા, જરૂર એક વાર જઈ આવવા જેવું છે. અને તિરુવણ્ણામલય જવું હોય તો બેઝવાડાથી જ ગાડી બદલીને જાઓ એમાં સગવડ રહેશે. આટલે સુધી આવ્યા છો તો હમણાં જ જઈ આવો. પછી તમને ક્યારે ફુરસદ મળવાની છે?'

કાકાએ મને એમનો બિસ્તરો તૈયાર કરવા કહ્યું. ગાડી કૃષ્ણાના પુલ ઉપર આવી ચૂકી હતી.

જમનાલાલજી બાપુને કહેતા હતા: 'રમણાશ્રમ જેટલી શાંતિ તો મને આપના આશ્રમમાં પણ નહોતી દેખાણી.'

બાપુએ થોડી વારે કાકાને કહ્યું: 'તમે ત્યાંથી પાછા આવવાની ઉતાવળ ન કરતા. તમને પણ ત્યાં જમનાલાલજી જેવી જ શાંતિનો અનુભવ થાય તો ત્યાં ખુશીથી વધુ દિવસ રોકાઈ શકો છો. કામની કાળજી કરશો મા.'

સાવ સ્વાભાવિકપણે બાપુએ આ વાત કરી હતી. પણ કાકાને બાપુથી વધુ વખત છૂટા રહેવાનો વિચાર જ અસહ્ય લાગ્યો. એમણે મારી તરફ ફરી કહ્યું:

'બાબલા, બિસ્તરો છોડી નાખ.'

હું તો આભો જ બની ગયો. બાપુ પણ અચરજથી જોઈ રહ્યા. એમણે પૂછ્યું:

'કેમ મહાદેવ, બિસ્તરો શા સારુ છોડવાનું કહો છો?'

'મેં જવાનો વિચાર માંડી વાળ્યો.'

'કેમ?'

'મારે એક સ્વામી બસ છે.'

## આક્રમણ સામે અહિંસક પ્રતિકાર

સેવાગ્રામમાં ટપાલઑફિસ થઈ ત્યાર પછી અમે મગનવાડી છોડીને સેવાગ્રામ રહેવા આવ્યા હતા. ત્યાં અમારે સારુ એક ઝૂંપડું બનાવવામાં આવ્યું હતું. એ ઘર બાપુની ઝૂંપડીથી સાવ પાસે હતું. એક તરફ બાની ઝૂંપડી, વચ્ચે બાપુની ઝૂંપડી અને બીજી તરફ અમારી ઝૂંપડી. બાપુ, બા અને મહાદેવભાઈની ત્રિપુટીની એ ઝૂંપડીઓ દ્યોતક હતી. આટલી પાસે ઝૂંપડીઓ હોવા છતાં અને કાકા લગભગ આખો વખત બાપુની જ ઝૂંપડીમાં ગાળતા તે છતાં હું કે મારી બા ભાગ્યે જ કોઈ વાર બાપુની ઝૂંપડીમાં જતાં. બાપુને વ્યક્તિગત રીતે કશીય તકલીફ ન આપવાની અમારી ત્રણેની વૃત્તિ હતી.

કાકાનું કામ ૧૯૪૨માં દિવસે દિવસે વધતું જતું હતું. ઘણી વાર કાકા બપોરે ફરજિયાત આરામ લેવાનો પ્રયત્ન કરતા. એમના ઓરડામાં બારણું વાસીને સૂવા જતા ત્યારે મને કહેતા: 'બાબા, હું જરા આરામ કરવા જાઉં છું. ભલો ભૂપ આવે તોપણ મને ઉઠાડતો નહીં.' વળી પોતાની વાતને પાકી કરવા તેઓ કહેતા: 'અરે, સાક્ષાત્ યમદેવ આવે તોપણ એમને કહેજે કે ઊભા રહો, કાકા આરામમાં છે; હમણાં બારણું નહીં ખોલવા દઉં'!

યમની ચર્ચામાં મને રસ પડતો નહીં. એટલે વાતને બદલવા પૂછતો: 'પણ કાકા, બાપુ આવે તો?'

એ પ્રશ્નથી કાકા નિરુત્તર થઈ જતા. બાપુ એમને બારણે આવ્યા હોય ત્યારે એ સૂતા રહે એ કલ્પના જ એમનાથી થઈ શકતી નહોતી.

* * *

ઘરની કોઈ બાબત એવી નહીં હોય કે જે કાકા ને બા મારાથી છૂપી રાખતાં હોય. એમ તો એ બે જણને વાત કરવાનો વખત જ ઝાઝો મળતો નહીં. નાસ્તા વખતે કે જમતી વખતે જે થાય તે જ વાતચીત. પણ એ વાતચીત પણ બધી ખુલ્લી જ. દાખલા તરીકે જિંદગીભર કાકાને બાપુ તરફથી દર મહિને સિત્તેર રૂપિયા મળતા. એ સિત્તેર રૂપિયામાં કેમ ચલાવવું એ ઘણી વાર પ્રશ્ન થઈ જતો. કોઈ કોઈ વાર બહુ તાણ પડે ત્યારે કાકા કોઈ છાપામાં લેખ લખીને ઘરખર્ચમાં

થોડી પુરવણી કરી લેતા. કોઈ કોઈ વાર વધુ કરકસર કરવાનો સંકલ્પ થતો. આવી ચર્ચાઓમાં કાકા અને બા મને પણ ભેળવતાં. એનું પરિણામ એ આવતું કે ઘર ચલાવવામાં મારો પણ હિસ્સો છે એમ હું માનતો. અને થોડા દિવસ રમત દરમિયાન ચડ્ડી ફાટી ન જાય તેની કાળજી રાખતો! બાકી ખિસ્સાખરચ જેવું તો મારે કશું હતું નહીં અને મને એની કદી ખોટ પણ જણાઈ નહોતી.

પણ એક દિવસ રાતે મેં બા અને કાકાને મારાથી છૂપી રીતે વાત કરતાં સાંભળ્યાં. હું ઊંઘી ગયો છું એમ માનીને વાત ચાલતી હતી, પણ હું હજી પથારીમાં જાગતો જ પડ્યો હતો!

કાકાએ બાને પૂછ્યું: 'આજે બાપુએ કહ્યું તે સાંભળ્યું ને?'

બાએ કહ્યું: 'કેમ, આપણે સાથે જ બેઠાં હતાં ને!'

કાકા: 'તેં શો વિચાર કર્યો?'

બા: વિચાર વળી શો કરવાનો હતો? બાપુ કહે તેમ કરવાનું.'

કાકા: 'મરવાની તૈયારી છે?'

બા: 'તોપને મોંએ ચડવાનું હોય તો મરવું તો પડે જ ને? પણ બાબલાનું શું વિચાર્યું છે?'

વિષયવસ્તુ આમ હતી: બીજા વિશ્વયુદ્ધના આરંભ પછી સ્વાતંત્ર્ય-સંગ્રામની સાથે સાથે પરદેશી આક્રમણ સામે અહિંસક પ્રતિકારની ચર્ચાઓ પણ શરૂ થઈ ગઈ હતી. કૉંગ્રેસ નેતાઓનો એક વર્ગ સ્વરાજ મળે તો યુદ્ધમાં સશસ્ત્ર સહાયતા કરવાના પક્ષમાં હતો. બાપુ આરંભમાં યુદ્ધમાં સાથી રાજ્યોના નૈતિક સમર્થનના મતના હતા, પણ પાછળથી તેમણે વિચાર બદલ્યો હતો. પોલૅંડમાં હિટલરની વિરુદ્ધ બહાદુરીપૂર્વક હિંસક રીતે ચાલેલી લડાઈની તેમણે પ્રશંસા કરી હતી. કાયરતા કરતાં હંમેશાં તેમણે વીરોની હિંસાને પસંદ કરી હતી. પણ તેઓ પોતાને માટે અને પોતાના દેશને માટે એનાથી પણ વધુ ઊંચી વીરતાનો એટલે કે અહિંસક પ્રતિકારનો રસ્તો વિચારતા હતા.

જાપાની સેના જ્યારે ભારતની ભૂમિ ઉપર છૂટાછવાયા બૉમ્બ નાખવા લાગી ને એમનાં લશ્કરો જ્યારે ઇમ્ફાલ-કોહિમા સુધી ચડી આવ્યાં ત્યારે આ વિષય અંગે તેમણે એક લેખ લખ્યો હતો અને મીરાંબહેન સાથે તેમનો કેટલોક પત્રવ્યવહાર પણ થયો હતો. મીરાંબહેન તે વખતે

ઓરિસા ગયાં હતાં. તેમણે ત્યાંથી બાપુને લખ્યું હતું કે જાપાની સેનાઓ ઓરિસાના દરિયાકાંઠે આવીને ઊતરી શકે એવી વકી છે. એવા સંજોગોમાં તેઓ દેશવાસીઓને શી સલાહ આપે? જો દેશની સરકાર એમના સંચાલનમાં હોય તો તેઓ શું કરે? બાપુએ બે પત્રો દ્વારા એમને વિસ્તારથી જવાબ આપેલો. એમાં તેમણે નિઃશસ્ત્ર પ્રજા અને સ્વેચ્છાપૂર્વક સૈન્ય-વિસર્જન કરી ચૂકેલી સરકાર દ્વારા વિદેશી આક્રમણના અહિંસક પ્રતિકાર અંગેની પોતાની કલ્પના વિગતવાર મૂકી હતી. આક્રમણના અહિંસક પ્રતિકારની બાપુની યોજનાને ત્રણ ભાગમાં વહેંચી શકાય: આક્રમણ પહેલાંનો, આક્રમણ દરમિયાનનો અને આક્રમણ બાદનો. આક્રમણ પહેલાં શુભેચ્છા, ભ્રાતૃભાવ, સેવા અને પ્રેમના પ્રતિઆક્રમણ દ્વારા હુમલાખોરને આવતો જ રોકવા પ્રયાસ કરવો; આક્રમણ દરમિયાન હુમલાખોરોનો અહિંસક સામનો કરવા અહિંસક સિપાઈઓએ તોપના મોંમાં ઓરાઈ જવું; અને છતાં પણ હુમલાખોર ચડી આવે તો આખી પ્રજા દ્વારા એનો અહિંસક અસહકાર, બહિષ્કાર કે તે પ્રકારનો બીજો કોઈ પ્રતિકાર થાય એવી બાપુની યોજના હતી.

એ યોજના મુજબ જો વિદેશી આક્રમણ સામે તોપના ખોરાક (કેનન ફોડર) થવા સારુ જવું હોય તો ભારતમાં એવી સેના તૈયાર થાય કે કેમ એ પ્રશ્ન હતો. બાપુએ એવી આશા વ્યક્ત કરી હતી કે એવા એક હજાર સૈનિકો પોતાને મળે તોપણ તેઓ હુમલાખોરોનો અહિંસક સામનો કરવા તૈયાર છે. તે દિવસે બપોરે બાપુએ આશ્રમવાસીઓને બોલાવીને આ વાત કાઢી હતી. રાતે કાકા અને બાનો સંવાદ એને અંગે જ ચાલતો હતો.

બંનેને મૂંઝવતો પ્રશ્ન એક જ હતો. બાપુ જો હજાર સૈનિકોની માગણી કરે તો બંને તેમાં જોડાવા તૈયાર હતાં; પણ બાબલાનું શું? એમ પણ વિચાર કરી જોયો કે કાકા જાય ને બા રહી જાય, પણ તે વિચાર કાઢી નાખવામાં આવ્યો. અંતે બંને જણે એમ નિર્ણય કર્યો કે જો બાપુ એવી સેનાની માગણી કરે તો બંને જણ પોતાનાં નામ એમાં આપશે. 'બાબલો હવે સમજણો થઈ ગયો છે. એની ચિંતા ઈશ્વર કરશે.'

## ૯મી ઑગસ્ટ, ૧૯૪૨

૧૯૪૨ની આઠમી ઑગસ્ટે રાતે મુંબઈના બિરલા હાઉસમાં બે પ્રકારના મત પ્રવર્તતા હતા. તે દિવસે સાંજે બાપુ કૉંગ્રેસ મહા સમિતિની બેઠકમાં ‘ભારત છોડો’ ઠરાવ અંગે ભાપણ આપી ચૂકચા હતા. કાકાનો મત એવો હતો કે આખા રાષ્ટ્રમાં વીજળીનો સંચાર કરનાર એ ભાપણ પછી સરકાર બાપુને વધુ વખત બહાર રહેવા દેશે નહીં. રાતોરાત જ પકડી લેશે. બાપુએ એ ભાપણના છેવટના ભાગમાં વાઈસરોયને પંદર દિવસની મહેતલ આપી હતી. એમણે કહ્યું હતું કે હું વાઈસરૉયને છેલ્લો પત્ર લખીશ અને પંદર દિવસમાં એમના તરફથી ઉત્તર નહીં આવે તો ‘ભારત છોડો’ આંદોલનનો આરંભ કરીશ. બાપુનો મત એવો હતો કે સરકાર પંદર દિવસ સુધી એમને નહીં પકડે. જે સરકારને જાહેર રીતે ભારત છોડવાની તેઓ હાકલ કરી ચૂકચા હતા. તેના પ્રતિનિધિ પાસે તેમને હજીયે એટલી આશા હતી કે પંદર દિવસની મહેતલની મર્યાદાને એ નહીં તોડે!

સભા પછી બિરલા હાઉસમાં આવીને બાપુએ પ્રાર્થના કરી. પ્રાર્થના પછી તેઓ તો નિશ્ચિંત મને ઘસઘસાટ ઊંઘી ગયા.

માત્ર બે વ્યક્તિઓને ઊંઘ આવતી નહોતી: કસ્તૂરબાને અને કાકાને. મારી અને કાકાની પથારીઓ પડખોપડખ હતી. બિરલા હાઉસના મોટા ઘડિયાળમાં એકનો ટકોરો થયો.

‘કેટલા વાગ્યા મહાદેવ?’ મોટીબાએ આવીને પૂછ્યું.

‘એક વાગ્યો, બા.’

‘તમને શું લાગે છે? બાપુને પકડશે?’

મને તો એમ જ લાગે છે. પણ બાપુ માને છે કે એમને નહીં પકડે. બુદ્ધિ તો એમ જ કહે છે કે એ.આઈ.સી.સી.ના ભાપણ પછી સરકાર એમને બહાર નહીં રહેવા દે. પણ ઘણી વાર બને છે તેમ બાપુની બુદ્ધિગમ્ય ન લાગતી વાત પણ સાચી પડે તો રામ જાણે!

હું વચ્ચે વચ્ચે ઊંઘ કાઢતો હતો, પણ ઘડિયાળના ટકોરા સાંભળીને વચ્ચે વચ્ચે જાગી પણ જતો હતો.

બે...... ત્રણ...... ચાર.

ચાર વાગ્યે કાકાએ કહ્યું: 'બા હવે તો બાપુની વાત સાચી પડે એમ લાગે છે. મુંબઈની પોલીસનો રિવાજ તો અર્ધી રાતે ચોરની માફક આવીને ધરપકડ કરવાનો છે. હવે પો ફાટી એટલે કદાચ એમને નહીં પકડે. પણ સરદારને તો જરૂર પકડ્યા હશે. કાલનું સરદારનું ભાષણ એવું સણસણતું હતું કે એમને તો એક ક્ષણ પણ બહાર રાખવા સરકારને પાલવે તેમ નથી. ચાલો સરદારને ત્યાં ફોન કરીને ખબર કાઢી જોઈએ!'

ફોન જોડાયો નહીં. લાઈન કાપેલી હતી. પાસેના બંગલામાંથી ફોન કરવા સારુ સ્વામી આનંદ બહાર ગયા, પણ ફાટકથી જ પાછા ફરી એમણે ખબર આપ્યા:

'આવી પહોંચ્યા; યજમાનો આવી પહોંચ્યા.'

બાપુને પકડવા સારુ આણવામાં આવેલું વૉરંટનું કાગળિયું કાંઈક અજબ પ્રકારનું હતું. એમાં બાપુ, મીરાંબહેન અને કાકાને તો પોલીસ ઈન્સ્પેક્ટર સાથે જવાનો (એટલે કે ધરપકડનો) હુકમ હતો, પણ બા અને પ્યારેલાલજી સારુ એ જ કાગળમાં વિચિત્ર ફરમાન હતું. એમને વિશે લખ્યું હતું કે, એ લોકો પણ જો આવવા માગે તો બાપુની સાથે આવી શકે છે. પણ જો ન આવવા માગે તો તેમને તેમ કરવાની પણ છૂટ છે.'

આ જેલ છેલ્લી હશે એવો અંદાજ તો સૌ કોઈને હતો જ. છેલ્લી જેલમાં બાપુ સાથે રહેવાનું મળશે એ વિચારે મીરાંબહેન તો હરખાતાં હતાં. પણ બા આગળ ધર્મસંકટ આવીને ઊભું થયું. એમણે બાપુને પૂછ્યું: 'આ હુકમનો અર્થ શો થાય?' બાપુએ અર્થ સમજાવ્યો. પછી તેમણે બાને પૂછ્યું: 'તારે કેમ કરવું છે?'

બા કહે: 'તમે જ કહો ને!'

બાપુ: 'મારી ઇચ્છા પૂછે તો તો તું હમણાં મારી સાથે આવવાને બદલે આજે શિવાજી પાર્કમાં મારી જે સભા ગોઠવવામાં આવી છે, તે સભામાં મારા વતી ભાષણ કરીને અલગ પકડાય એમ હું ઇચ્છું. પણ તને મારી સાથે આવવાનું મન હોય તો તેની પણ તને મનાઈ નથી. સંભવ છે કે તને અલગ પકડે તો પછી મારી સાથે ન પણ રાખે. એ બધું વિચારી તારે નિર્ણય કરવો જોઈએ.'

બાને સારુ ભારે કપરો પ્રશ્ન આવી પડ્યો. એક બાજુ આખી જિંદગીનો સંબંધ હતો. જેલમાં બાપુ બચશે કે કેમ એ પણ પ્રશ્ન હતો, ફરી

બાપુને મળી શકાશે કે કેમ એ પણ પ્રશ્ન હતો; અને બીજી બાજુ બાપુની ઇચ્છા હતી.

પણ મને આ વર્ણન લખતાં જેટલી વાર લાગી એટલી વાર પણ બાને આ અંગે નિર્ણય કરતાં લાગી નહીં. એમણે તરત જ ગંભીર સ્વરે કહ્યું: 'મારી ઇચ્છાનું પૂછો તો મને આ ટાણે તમારી સાથે રહેવું જ ગમે, પણ એથીય વધારે મને તમારી ઇચ્છા પૂરી કરવી ગમે, એટલે હું રોકાઈ જઈશ.'

હું તો આભો બનીને આ સતીની તરફ જોઈ જ રહ્યો. દ્વાપરમાં રામ અને સીતાને વિયોગનો પ્રસંગ આવ્યો ત્યારે રામે સીતાને જંગલમાં આવવાને બદલે મહેલમાં જ રોકાવાનો આગ્રહ કર્યો હતો, અને સીતાએ રામનો સાથ નહોતો છોડયો. કળિકાળમાં બાપુ બાને આગ્રહ કોઈ જાતનો કરતા નથી. અને ચમત્કાર તો એ છે કે બા બાપુની ઇચ્છા પૂરી કરવા એમનાથી અલગ રહેવાનું પસંદ કરે છે!

મેં કાકાનો સામાન બાંધવા માંડયો. ઘણી વાર કાકાને હું કહેતો કે, 'કાકા, તમે મૌલિક સાહિત્ય તો કશું લખતા જ નથી. જે લખો છો તે બાપુના ભાષણના ઉતારા ને નહીં તો કોઈનાં પુસ્તકોનો અનુવાદ!' કાકા હસીને જવાબ આપતા: 'મૌલિક લખાણ તું લખજે.' પણ પછી તેઓ એમ પણ કહેતા કે પાંચ-છ નવલકથાઓનું કથાવસ્તુ તેમના મનમાં તૈયાર હતું. કોઈ વાર લાંબી ફુરસદ (એટલે કે જેલ) મળે તો લખી શકાય. તે ઉપરાંત ગુરુદેવ ટાગોરની 'ગીતાંજલિ'નાં બધાં ગીતોનો મૂળ સૂરમાં ગુજરાતી અનુવાદ કરવાની પણ એમની ઇચ્છા હતી. છેલ્લી વખતે શાંતિનિકેતન ગયા ત્યારે તેમણે એમાંનાં કેટલાંક ગીતોનો ઢાળ જાણી લીધેલો. બેતાળીસમાં જ્યારથી લડતના ભણકારા વાગવા લાગ્યા ત્યારથી હું બંગાળી 'ગીતાંજલિ' અને લખવાનાં પાંચ-છ કોરાં પેડ મારી સાથે જ રાખતો. એ લાવીને મેં કાકાને પૂછ્યું: 'આ પણ સામાનમાં બાંધું ને?'

પણ કાકાનું મન એ બાબતમાં ઉદાસીન હતું. એમણે કહ્યું: 'કશો સામાન સાથે આપવાની જરૂર નથી. બાપુના ઉપવાસ ડે મોક્લીસની તલવારની માફક માથે તોળાય છે. એ ઉપવાસ કરશે તો સરકાર એમને આ વખતે મરવા પણ દે ખરી. આ બધું જોવા હું જીવવાનો નથી.

હું તો જેલમાં એક અઠવાડિયું પણ જીવીશ કે કેમ તે જાણતો નથી.'

મેં કહ્યું: 'તમે આવું આવું ન બોલશો.' કાકાએ કશો જવાબ આપ્યો નહીં.

ઈન્સ્પેક્ટર શ્રી દેસાઈ સાથે નીકળતાં પહેલાં બાપુએ પ્રાર્થના કરી. આખા વાતાવરણમાં તે વખતે કાંઈ ઓર ચમકારો હતો. બાપુએ કહી દીધું હતું કે, 'તેમને પકડ્યા પછી દરેક ભારતવાસી પોતપોતાનો નેતા છે, એમ સમજી અહિંસાને ધ્યાનમાં રાખીને આંદોલન ચલાવે. આંદોલન ટૂંકું અને ઝડપી ('શૉર્ટ ઍન્ડ સ્વિફ્ટ') થશે એવી આગાહી પણ બાપુએ કરી હતી.' એટલે અમારા સૌના મનમાં અજબ ઉત્સાહ હતો.

બધાં પોલીસ ઈન્સ્પેક્ટરની ગાડીમાં બેઠાં. કાકા બેસવા જતા હતા ત્યારે મેં કહ્યું: 'હવે તો આઝાદ હિંદમાં મળીશું.'

એના જવાબમાં કાકાએ મારું મોં ચૂમી લીધું.

એમનું એ અંતિમ ચુંબન હતું.

## અગ્નિપરીક્ષા

આગાખાન મહેલમાં ગયા પછી છ જ દિવસે કાકા ગુજરી ગયા. એમના મરણ અંગે ત વખતે સરકાર તરફથી અમને કોઈ ખબર આપવામાં ન આવ્યા – અમે સેવાગ્રામમાં છીએ એની જાણ સરકારને હતી તે છતાં રેડિયોમાં સમાચાર સાંભળી મિત્રોએ અમને બીજે દિવસે, એટલે કે ૧૬મી ઑગસ્ટે ખબર આપી ત્યારે જ અમે જાણ્યું. જેલમાં કાકા અચાનક ગુજરી ગયા તેથી દેશમાં એમના મરણ અંગે જાતજાતની અફવાઓ ઊડવા લાગી. કોઈ કહે સરકારે ઝેર આપ્યું, કોઈ કહે વીજળીના આંચકા આપ્યા. અમે જાણતાં હતાં કે કાકાને હૃદયરોગની બીમારી હતી, અને અમને એ પણ ખબર હતી કે બાપુના ઉપવાસ અંગે એમના મન ઉપર ભારે ચિંતાનો બોજ હતો, તેથી અમે કોઈ પ્રકારની અફવા માની નહીં. મારા અને બાના જીવનને કાકાનો જ એક માત્ર આધાર હતો. બંનેને પડેલી ખોટ પુરાય એમ નહોતી. બંનેએ વરસો સુધી એમના વિરહની વેદના તીવ્રપણે અનુભવેલી. પણ છતાંય અમારા બંનેમાંથી કોઈએ એક ક્ષણભર પણ અંગ્રેજ સરકાર અંગે કડવી લાગણીનો અનુભવ કર્યો હોય એમ મને યાદ નથી. મારા મનમાં તો કાકા જેલમાં ગુજરી ગયા

એને અંગે એક પ્રકારનો ગર્વ હતો. અંગ્રેજ સરકાર સામેની લડાઈનો એ એક દાવ (પાર્ટ ઑફ ધ ગેમ) જ લાગેલો. અહિંસક લડાઈની આ એક ખૂબી હતી.

કાકાની ચેહ બળતી હતી ત્યારે બાપુએ અમારે સારુ એક તાર કરાવેલો. તે તારનો મૂળ ખરડો અમને ત્રણ અઠવાડિયે સેવાગ્રામમાં પહોંચાડવામાં આવ્યો. એમાં 'મહાદેવ એક યોગી અને દેશભક્તનું મરણ પામ્યા' (મહાદેવ ડાઈડ યોગીઝ, પેટ્રિઓટ્સ ડેથ) એવું લખાણ હતું તેથી કદાચ એને પહોંચાડવામાં આટલો વિલંબ કરવામાં આવ્યો હશે. સરકાર તરફથી તો માત્ર એટલું જ કહેવામાં આવ્યું હતું કે, 'અમારી ઑફિસની ભૂલથી મોડું થયું છે, માટે દિલગીર છીએ.' આ ચોખવટથી મને જરૂર ચીડ ચડી હતી.

એ જ વખતે અમે બાપુ પાસે જવાની માગણી કરેલી, પણ અમને તેમ કરવાની પરવાનગી મળી નહોતી. કાકાના શરીરનો દાહ ક્યાં કરવામાં આવ્યો એને અંગે પણ અમને કોઈ માહિતી આપવામાં આવી નહીં, અને એમની ભસ્મ પણ અમને આપવામાં આવી નહીં.

પણ કાકાનો અગ્નિસંસ્કાર આગાખાન મહેલના કમ્પાઉન્ડમાં જ કરવામાં આવ્યો છે એની જાણ અમને થઈ ગઈ હતી. ત્યાર પછી રોજ બાપુ સવાર-સાંજ એ સ્થાન પર જઈને ફૂલ ચડાવે છે એ પણ અમને ખબર પડી ગઈ હતી. લેડી પ્રેમલીલા ઠાકરસીના મકાન 'પર્ણકુટી' ઉપરથી દૂરબીન દ્વારા રોજ એ દૃશ્ય જોઈ શકાતું હતું!

બાપુએ જેલમાં ઉપવાસ શરૂ કર્યા ત્યારે ફરીથી અમે એમની પાસે જવા માગણી કરી. આ વખતે એ માગણીનો એવો જવાબ મળ્યો કે તમારે જો જવું હોય તો તમારે પણ કેદીની માફક રહેવું પડશે અને બહારની દુનિયા સાથેનો તમારો સંબંધ કપાઈ જશે. અમે એ શરત મંજૂર રાખી તેથી મારી બા, કનુભાઈ અને મને આગાખાન મહેલમાં જવાની છૂટ મળી.

મહેલમાં કમ્પાઉન્ડની આસપાસ કાંટાળા તારની અગિયાર ફૂટ ઊંચી વાડ કરવામાં આવી હતી. મહેલની પૂના તરફની બાજુએ લાકડાની જાળી કરી દેવામાં આવી હતી. અને છોંતેર બંદૂકધારી સિપાઈઓ દિવસ-રાત ખડે પગે મહેલની રખેવાળી કરતા હતા.

બાપુનો પલંગ મહેલની લાંબી ઓશરી ઉપર વચ્ચોવચ પાથરવામાં આવ્યો હતો. અમે બાપુને પગે લાગ્યાં ત્યારે છ છ મહિનાથી મારી બાએ ખાળી રાખેલાં આંસુનાં પૂર ઊભરાઈ આવ્યાં. બાપુ કશુંક બોલવા ગયા, પણ 'મહાદેવ...' એટલો એક શબ્દ બોલતાં જ એમનો કંઠ રૂંધાવા લાગ્યો. આંખમાંથી ગંગાજમનાની ધારા ચાલી. તે દિવસે મેં પહેલી વાર બાપુને આંસુ સારતા જોયા. બાપુના ઉપવાસનો એ સાતમો દિવસ હતો. એમને તકલીફ ન પડે એ વિચારે બા તરત ત્યાંથી ખસી ગઈ. ત્યાર બાદ એકવીસ દિવસ અમે આગાખાન મહેલમાં રહ્યાં, પણ બાપુ સાથે ભાગ્યે જ બોલ્યાં હઈએ. કાકાની ભસ્મ બાપુએ સાચવી રાખેલી તે તેમણે બાને આપી. શરૂઆતમાં કેટલાક દિવસ તો એ ભસ્મ એમણે પોતાને કપાળે પણ લગાડી એમ અમને પ્યારેલાલજી અને સુશીલાબહેને કહેલું.

પ્યારેલાલકાકા સાથે મારે અખંડ વાતો ચાલતી. મને તો ઠેઠ ત્યારે જ સમજાયું કે ૧૯૪૨માં જે ભાંગફોડની પ્રવૃત્તિ ચાલી તેના પક્ષમાં બાપુ નહોતા. પ્રત્યક્ષ નહીં પણ મનથી તો હું આ બધી ભાંગફોડ પ્રવૃત્તિઓ સાથે હતો. મેં પણ અંધારી રાતોમાં ખેતરોમાં ધારિયાવાળા લોકોની ટોળી સાથે એકઠા થઈને ટપાલના ડબ્બા બાળવાની યોજના ઘડી હતી. એમાંથી એક જણે મારી પાસે રિવૉલ્વરની માગણી કરી ત્યારે, અવશ્ય હું ચેત્યો હતો અને એને કહી દીધું હતું કે અહિંસામાં રિવૉલ્વરને સ્થાન નથી. પણ વ્યક્તિગત જાનમાલને નુકસાન કરવા સિવાય અહિંસામાં બધું કરી શકાય એમ હું પણ માનતો. ટેલિફોનના તાર કપાવાના ખબર વાંચીને હું પણ હરખાતો હતો, ટ્રેનના પાટા ઊખડવાના સમાચારોથી હું ફુલાયો હતો; બિહાર અને બલિયામાં ભાંગફોડ પ્રવૃત્તિને લીધે થોડા દિવસ સુધી રાજ કબજે કરવામાં આવ્યું હતું એમ જાણી મારી છાતી ગજગજ ફૂલી હતી. મેં પણ બુરખાધારી ટોળીઓ સાથે સંપર્ક સાધવા પ્રયત્ન કર્યો હતો. મુંબઈમાં અનેક મકાનો ફરીફરીને શ્રી અચ્યુત પટવર્ધનને હું મળ્યો હતો. ગુપ્તપણે મેં પત્રિકાઓ પણ કાઢી હતી. અને આ બધામાં હું બાપુના આદેશનું પાલન જ કરું છું એમ મેં માન્યું હતું. આ બધી વાતો મેં પ્યારેલાલકાકાને કહી. એમણે એ બધી ધીરજપૂર્વક સાંભળી લીધી. ધીરજ જ માત્ર નહીં, સહાનુભૂતિપૂર્વક

સાંભળી લીધી. અને પછી ધીરે ધીરે કોઈ પણ પ્રકારના માલને નુકસાન કરવું એ હિંસા શી રીતે ગણાય, ગુપ્તતા એ અહિંસક આંદોલન સારુ કેમ નુકસાન કરનારી છે એ સમજાવતા ગયા. આ બધી વાતમાં મુખ્ય વાત એ હતી કે બધી હિંસાનો આરંભ સરકારે કર્યો હતો, અનેક પ્રકારના કાર્યક્રમોના ઇશારા પણ સરકારે જ કર્યા હતા અને છેવટે આ આખી હિંસાની જવાબદારી કૉંગ્રેસની હતી, એમ સ્વીકારીને તેઓ ચાલતા હતા. તેથી અમે વિચારેલો રસ્તો ખોટો છે એ તો હું સમજ્યો, પણ મારા મનમાં વિફળતાનો ભાવ (ફ્રસ્ટ્રેશન) પેદા ન થયો. બાપુએ દેશમાં થયેલી ભૂલોને ભૂલ તરીકે વર્ણવી હતી; એને સરખે રસ્તે લઈ જવા તેમણે પ્રયત્ન કર્યો હતો, પણ દેશપ્રેમની ભાવનાથી થયેલા ભૂલભરેલા કૃત્યને પણ ઉતારી પાડ્યું નહોતું. તેથી જ તેઓ રાષ્ટ્રના સામાન્ય નાગરિકને પોતાની સાથે રાખી શકયા હતા, અને તેને સાચે રસ્તે દોરી જઈ શકયા હતા.

આગાખાન મહેલમાં ફુરસદ ઘણી રહેતી. તેથી ત્યાં મેં વિક્ટર હ્યુગોની મશહૂર નવલકથા 'લા મિઝરાબ્લ'નો અંગ્રેજી અનુવાદ વાંચી નાખ્યો. બાપુએ જ્યારે આ સાંભળ્યું ત્યારે એમને થોડું આશ્ચર્ય થયું. બનતાં સુધી એમના મનમાં મારે અંગેનું ચિત્ર સાવ નાનકડા બાબલાનું જ હતું. એમણે મને પોતાની પાસે બોલાવી ખાસ અભિનંદન આપ્યાં! હું શરમાયો. પ્યારેલાલકાકાએ બાપુને કહ્યું: 'તમે તો એને સાવ નાનો ધારો છો, પણ એ તો દેશના પ્રશ્નોની ચર્ચા મારી જોડે કરે છે. આટલા વખતમાં કેટલુંયે અહિંસા વિવેચન એણે મારી સાથે કરી નાખ્યું છે!' હું વધુ શરમાયો.

બાપુએ કહ્યું: 'એ તો હું જાણતો જ હતો. નાનપણથી જ એને ચર્ચા કરવાની ટેવ છે. મને નવાઈ તો એના અંગ્રેજીના જ્ઞાન અંગેની લાગી હતી. અને અહિંસાની વાત નીકળી છે તો એટલું કહી દઉં કે અહિંસા વિશેના મારા વિચારોમાં પણ વિકાસ થયો છે એ બરાબર સમજજે. એક જમાનો હતો કે જ્યારે હું માનતો કે દેશમાં કયાંક હિંસા ચાલતી હોય તો તે વખતે અહિંસાનો પ્રયોગ ન થઈ શકે. આજે હવે હું માનું છું કે સાચી અહિંસાનું કોડિયું તો એવું હોય કે ચારેકોર હિંસાનો ઝંઝાવાત વાતો હોય તોપણ જે બળ્યા કરે.'

ઉપવાસ દરમિયાન એક આગેવાન કહી ગયા હતા કે, 'આપ ગુજરી જાઓ તો દેશમાં બળવો ફાટી નીકળે એને દબાવી દેવા સરકારે ટેંકો વગેરેની ગોઠવણ કરી રાખી છે!'

ઉપવાસને બારમે કે તેરમે દિવસે બાપુ કટોકટીમાંથી પસાર થયેલા. તે દિવસે એમને પાણી પણ ગળે ઊતરતું નહોતું. એવી અવસ્થામાં સંતરાં કે તે પ્રકારનાં ફળ(સાઇટસ ફ્રૂટ)નો રસ પાણીમાં ઉમેરવાની બાપુએ ઉપવાસ આરંભ કર્યો તે પહેલાં જ પોતાને સારુ છૂટ રાખી હતી. થોડા ચમચા સંતરાનો રસ ઉમેરીને પાણી ગળે ઊતરે એવું કરવામાં આવ્યું.

પણ સરકારે આ ઘટનાનો દુરુપયોગ કરવાનો ઈરાદો સેવ્યો. રોજેરોજ બાપુનું વજન થતું. બીજે દિવસે જુએ તો તે એકદમ ચાર રતલ વધી ગયું! સરકાર તો એની જ વાટ જોતી હતી, એ સિદ્ધ કરવા કે ગાંધીએ ઉપવાસ દરમિયાન ખોરાક લીધો છે. આ બાબત અંગે ડૉ. સુશીલાબહેન ખૂબ કાળજી રાખતાં. તેમણે કહ્યું કે 'આમ બની જ ન શકે. દાળમાં જરૂર ક્યાંક કાળું છે. પછી એ જ કાંટા પર મારું વજન લીધું તો એ પણ ચાર રતલ વધારે. પછી તો બધાંએ વજન કર્યું અને બધાંનું વજન વધારે નીકળ્યું! આમ બાપુને ફજેત કરવામાં નફટ સરકારને યાંત્રિક કાંટો મદદરૂપ થઈ શક્યો નહીં. એ સરકાર કરતાં વધુ નિષ્પક્ષ હતો. એણે પોતાની ચાડી ખાઈ દીધી!

* * *

કાકાને ગયાને અર્ધી સદીથી વધારે થઈ ગઈ. કાકા અને બાપુ બંનેને મન ચિત્તશુદ્ધિ અને સામાજિક ક્રાંતિ એ અભિન્ન પ્રક્રિયાઓ હતી. અનંત કાળના પ્રવાહમાં અર્ધી સદી કે શતાબ્દીની શી વિસાત? પરંતુ જેમ જીવનમાં તેમ જ સ્મરણમાં સુધ્ધાં સજ્જન સંગતિની એકાદ ક્ષણ પણ ભવાર્ણવ તરણે નૌકા થઈ શકે.

## મારી બા: દુર્ગાબહેન

તારાં કરુણ ચરણ જનની ભાળ્યાં આજે આ અરુણ કિરણ રૂપે
તારી વાણી જનની મરણ હરણી નીરવ ગગન ભરી દીએ ચૂપે ચૂપે.

રવીન્દ્રનાથ

(૧)

મહિલા-મુક્તિના આ જમાનામાં સ્રીઓ પોતાનું વ્યક્તિત્વ પતિના વ્યકિતત્વમાં સમાવી દે એ બહુ વખાણવાલાયક ગુણ નહીં ગણાતો હોય. પરંતુ કસ્તૂરબાએ તેમ કર્યું તેમાં તેમણે કશું ગુમાવ્યું હતું એમ કહેવું મુશ્કેલ છે. ગુણવત્તાની દષ્ટિએ મારી બાનું આત્મસમર્પણ કસ્તૂરબાની કોટિનું જ હતું. ફરક એ બે વચ્ચે એ હતો કે કસ્તૂરબાને ગાંધીજીનો 'સદા સત્સંગ' મળ્યો હતો, ત્યારે દુર્ગાબહેનને ભાગે 'પદ સરોજ અનપાયિની ભક્તિ' જ હતી.

માનસ મંદિર મેં સતી
પતિ કી પ્રતિમા સ્થાપ
જલતી થી ઉસ વિરહમેં
બની આરતી આપ.

કાવ્યની ઉપેક્ષિતા ઊર્મિલા વિશે જ્યારે હિંદીના પ્રતિનિધિ કવિ મૈથિલીશરણ ગુપ્તની ઉપરોક્ત લીટીઓ વાંચી ત્યારે મને રામાયણની ઊર્મિલા અને મારી બામાં કાંઈક સામ્ય હોવાનો ખ્યાલ આવ્યો. એમ તો કયાં રઘુવંશના રાજકુંવર લક્ષ્મણની પત્ની અને કયાં ભગત પરિવારમાં જન્મેલી અને એક ભક્તને પરણેલી બા! પણ બંને નારીઓના ચરિત્રમાં વર્ષો સુધીની પતિથી દૂર રહીને મૂક ભાવે પોતાની જાતને આરતી બનાવવાનું તત્ત્વ સમાન હતું. મારા નાનપણમાં કાકા ઘરમાં આવતા તો એ એક મહેમાનની જેમ જ એટલે બાની જિંદગી તો લાંબે ગાળે થતાં એવાં મિલનોની વચ્ચે વિરહની જિંદગી હતી. કાકા કાં જેલમાં હોય કાં બાપુ સાથે રેલમાં. એટલે બાના ભાગ્યમાં તો સદાય વાટ જોવાનું જ લખ્યું હતું. મારા જન્મ પછી તો એને સારુ ધ્યાનનું કેન્દ્રબિંદુ હું બની ગયો હતો પણ તે પહેલાં?

મહાદેવના મંદિરમાં લાખ લાખ બીલીપત્ર ચડાવીને બાએ પૂજા કરેલી એટલે જ એને મહાદેવજી મળ્યા એમ મારી મોટી બા માનતી. તેર વર્ષની ઉંમરે કાકાનાં અને બાર વર્ષે બાનાં લગ્ન થયાં તે પહેલાં બે-ત્રણ જગાએથી કાકા સારુ જે જે છોકરીઓનાં માગાં આવેલાં તે બધી છોકરીઓનું

નામ દુર્ગા હતું પણ કોઈ ને કોઈ કારણસર એ બધી દુર્ગાઓને બદલે છેવટે જે દુર્ગા સાથે મહાદેવનાં લગન લેવાયાં તે દુર્ગા 'પાતળી પૂતળી કાવલી કૂવલી હતી' એમ પાડોશીઓ કહેતા. બા ક્યારેક પણ પાતળી પૂતળી હોય એવું હું કલ્પી શકતો નહીં કારણ એનું જે રૂપ મેં જોયું હતું તે ભરેલા બદનવાળું જાજરમાન રૂપ હતું. લગન પછી છએક વરસ સુધી બા સાસરે તો જઈને રહેતી પણ પરિણીત જીવનની શરૂઆત અઢાર વર્ષ પછી થયેલી – જ્યારે કાકા સ્નાતક થઈ ચૂક્યા હતા. ત્યાર પહેલાં અને ત્યાર પછીનાં પણ કેટલાંય વર્ષોના અમારા મૂળ ગામ દિહેણના બાના અનુભવો આરામમય નહોતા એમ ઉત્તરાવસ્થાનાં એનાં સંસ્મરણો સાંભળી સમજાતું. પતિ કરતાં સાસુનું પાત્ર જ એ સંસ્મરણોમાં પ્રધાન હતું. એની વાતોમાં વિકસિત થતા પ્રેમ કરતાં રોજના દશ શેરના દળણાની વાત જ મુખ્ય હતી. કાકા સ્નાતક થયા ત્યાર પછીનાં થોડાં વર્ષો તેમણે બા સાથે ગાળેલાં પણ બાનાં બંને બાળકો ગાંધીજીના આશ્રમમાં જોડાયાં ત્યાર પછીનાં. મારી મોટી બહેન તો મૂએલી જ જન્મેલી. પણ ઠેઠ મરણકાળ સુધી બા એની સુંદરતાનું વર્ણન કરતાં રડી પડતી.

ગાંધીજીના સિદ્ધાંત મુજબ બા અને કાકાએ ગૃહસ્થાશ્રમમાં રહેતા છતાં બ્રહ્મચર્ય પાળવાનું વ્રત લીધેલું કે નહીં અને લીધું હોય તો તે મારા જન્મ પહેલાં કે પછીથી તેની મને ખબર નથી. નાનપણમાં આવી વાતો બા કે કાકા મારી સાથે કરતા નહીં પણ છેવટના દિવસોમાં આવા વિષયની ચર્ચા કરતાં બા સંકોચ અનુભવતી નહીં. એવો એક પ્રસંગ બા પાસે સાંભળેલો. બંનેએ ત્રણ વરસ સુધી બીજી બધી રીતે ગૃહસ્થાશ્રમી તરીકે રહીને બ્રહ્મચર્ય પાળવાનો સંકલ્પ કરેલો એ ત્રણ વર્ષ જ્યારે સફળતાપૂર્વક પૂરાં થયાં ત્યારે કાકાએ બાપુજીને એને વિશે કહેલું કે લખેલું. બાપુએ એ ઘટનાને વધુ મહત્ત્વ ન આપતાં 'તમે શારીરિક રીતે બ્રહ્મચર્ય પાળ્યું હશે પણ મનથી તો વિષયસેવન કર્યું છે' એવો કાંઈક ઉપદેશ આપેલો. આવા સંકલ્પો વિશે કાકા જ વધુ ઉત્સાહી હશે; એવી મારી પર છાપ છે. બાની તે વિશે સંમતિ મળતી હશે પણ એ આ બાબતમાં તરફેણમાં કે વિરુદ્ધમાં બહુ સક્રિય નહોતી. મારી ઉપર છાપ આવી છે કે કામવિજય કાકા માટે સાધનાનો વિષય હતો. જ્યારે બા માટે એ સ્વાભાવિક વાત હતી. આવી છાપ મારી ઉપર કોઈ એક ખાસ પ્રસંગને લીધે નહોતી

પડી. કાકાની અપરૂપ સુંદરતાને લીધે જુવાનીથી માંડીને ઠેઠ ઘડપણ સુધી અનેક વાર અનેક દેશી અને વિદેશી છોકરીઓ એમની ઉપર ફિદા થઈ ગયેલી અને એમાંની કેટલીકે તો એમની સાથે ચેડાં કરવા પણ પ્રયત્ન કરેલા. એ વાત કાકા અને બા બંનેએ મને હસતાં હસતાં કરેલી. કાકા સુંદર હતા. પ્રેમી હતા, સુંદરતા જોઈને ખુશ થઈ જાય એવા હતા અને બા ઉપર એમને પારાવાર પ્રેમ હતો. એટલે આ બાબતમાં કાકાને જ પ્રયત્ન કરવો પડચો હતો એમ હું માનું છું.

પણ કામ વિશે બાલશિક્ષણ કેવા પ્રકારનું હોવું જોઈએ એ બા જાણતી નહોતી એમ મને લાગે છે. નાનપણથી એ બાબતમાં મારા મનમાં દોષી ભાવ, ભય અને છતાં રહસ્યમય આકર્ષણના સંસ્કાર નાખવામાં બાનો જ ફાળો મોટો હતો એમ મને લાગે છે. આ બાબતમાં હું 'સારો' રહું એ માટેના બાના પ્રયત્નો મને ધમકાવવા કે મારવાના રૂપમાં જ રહેતા અને એનું પરિણામ ઈષ્ટ કરતાં અનિષ્ટ જ વધુ આવ્યું એમ અત્યારે મને લાગે છે.

પણ આશ્રમમાં પરિણીત જીવનમાં બ્રહ્મચર્યના પ્રયોગોને લીધે કેટલાક લોકો સાવ અસ્વાભાવિક બની ગયા હતા તેવું બા કે કાકાનું નહોતું. કાકાએ બાપુના વ્યક્તિત્વ સાથે તાદાત્મ્ય સાધીને આ બાબતમાં ઊર્ધ્વીકરણ અનુભવ્યું હતું, જ્યારે બાએ સહજ રીતે નવા જીવનને સ્વીકારી લીધું હતું.એનો પ્રેમ સંતાનપ્રેમ અને પછીથી આશ્રમનાં તમામ બાળકો પ્રત્યેના પ્રેમમાં પરિણમ્યાં હતાં.

કાકા અને બા વચ્ચે ભણતરનું છેટું ઝાઝું હતું. બા અંગ્રેજી નહોતી જાણતી, ગુજરાતી છઠી સુધી ભણેલી; પણ એમાંય બહુ સાહિત્યિક અભિરુચિ નહીં. બાને સાહિત્યના સંસ્કાર મળ્યા તે બે પ્રકારે: વર્ષો સુધી નિયમિત રીતે અઠવાડિયે બેત્રણ વાર મળતા કાકાના પત્રો દ્વારા અથવા તો ઘરમાં પડેલા ધાર્મિક ગ્રંથોના વાચન દ્વારા. અમારા કુટુંબનું એ એક મોટું દુર્ભાગ્ય છે કે કાકાના ઘણાખરા પત્રો અમે લોકો ખોઈ બેઠા છીએ. બેત્રણ વાર તો બાએ જાતે જ કાકા ઉપર કે પોતા પર કોઈ કારણે ગુસ્સો આવતાં એ પત્રો બાળી નાખ્યા છે. અને બાકીના કાગળો અવારનવાર જેલ જવા કે આશ્રમ ખાલી કરવામાં ગેરવલ્લે ગયા છે.

ઘરમાં કાકા બાને 'પંડિત' કહીને સંબોધતા. ૧૯૧૭માં એ નામ પડેલું. બિહારના ચંપારણમાં સત્યાગ્રહની સાથે સાથે બાપુએ જે રચનાત્મક કામ ઉપાડેલું, તે હતું ગ્રામસેવાનું. પોતે ચંપારણથી ગુજરાત આવ્યા ત્યારે ગામડાનું કામ તેઓ જેમને સોંપતા આવ્યા તે પૈકી એક બા પણ હતી. બિહારનાં ગામડાંમાં બાળકો બાને શિક્ષિકા તરીકે પંડિત કહેતાં. ત્યારથી કાકાએ એ નામ ઉપાડેલું તે છેવટ સુધી એ જ સંબોધન ચાલુ રહ્યું. બાકી એ બંને વચ્ચે પંડિતાઈમાં જે અંતર હતું તેને લીધે એ બે જણના સ્નેહમાં કદી છેટું પડયું નહોતું. બા કાકાને પૂજ્યભાવે જોતી, એ વાત સાચી. પણ તે એમની વિદ્વત્તાને લીધે નહીં, પોતાના સંસ્કારોને લીધે. બંને ભણેલાં લોકોનું જોડું હોય ત્યારે જે રીત વિચારો વિશે કે આંદોલન વિશે ચર્ચાઓ થાય તેવી કોઈ ચર્ચા બા અને કાકા વચ્ચે થતી નહોતી, કાકાના વિચારો એટલે કે બાપુના વિચારોનો મર્મ બા સમજતી અને એ વિચારોને બાનો પૂરેપૂરો ટેકો હતો. હા, ડેલાંગ(ઓરિસા)ના ગાંધી સેવા સંઘના સંમેલન વખતે કસ્તૂરબા સાથે બા પણ જગન્નાથપુરીના મંદિરે દર્શને ગઈ અને કાકાએ એ લોકોની પુરી જવાની વ્યવસ્થા કરી આપી ત્યારે તેમણે મંદિર-પ્રવેશ તો આપણાથી કરાય જ નહીં, એમ એ લોકોને કેમ ન કહ્યું એવા બાપુના આક્ષેપ ઉપરથી સ્તો કાકાએ આત્મગ્લાનિમાં બાપુનો સાથ છોડવા સુધીનો વિચાર કરેલો.

પણ એ પ્રસંગમાં બા અને કાકા વચ્ચે જ્ઞાનનો તફાવત એ કારણ નહોતું. કાકાને બાપુનો સાથ છોડવાનું રોકવામાં જેમ બાપુ પોતે અને બાળક નારાયણ દઢ હતા, તેમ બા પણ એટલી જ દઢ હતી.

આંદોલન વિશેની આ સહજ સ્વાભાવિક સમજને લીધે જ બાને કાકાનો વિરહ સહેલો થઈ પડયો અને જ્યારે એને પોતાને જેલ જવાનો વારો આવ્યો ત્યારે બાબલાનું શું થશે એ પ્રશ્ન એના મનમાં ભલે હોય, પણ પોતાનું શું થશે, એવો પ્રશ્ન એને ક્ષણભર પણ થયો ન હતો. તે જ કારણસર જ્યારે બીજા વિશ્વયુદ્ધ વખતે કોઈએ એ પ્રશ્ન ખડો કર્યો કે, 'અહિંસાના સાધન વડે ગાંધીજી દેશનું રક્ષણ શી રીતે કરી શકશે' અને બાપુએ એના જવાબમાં એમ કહ્યું કે મને એક હજાર મરણિયા સત્યાગ્રહીઓ મળે તો હું એમની સાથે દેશની સરહદ પર

આક્રમણકારીઓની તોપોનો ઉઘાડી છાતીએ સામનો કરવા ખડો થઈ જાઉં અને આશ્રમવાસી સાથીઓ આગળ જ્યારે તેમણે આવા મરણિયા સત્યાગ્રહી થવાની માગણી કરી ત્યારે માત્ર એકલા કાકા જ નહીં પણ બા પણ 'બાબલાની સંભાળ સમાજ રાખશે' એમ કરી એ સત્યાગ્રહીઓની યાદીમાં નામ લખાવવા તૈયાર થઈ ગઈ હતી.

(૨)

મનુષ્યને વધુમાં વધુ સંસ્કાર આપનાર કોઈ હોય તો તે જનની. મારા જીવના પહેલાં બાર વર્ષ તો મેં મારી બા સાથે જ ગાળ્યાં. પિતાશ્રીની દીર્ઘકાલીન સંગતિ તો તે ઉંમર પછી જ મળી. બાપુના આશ્રમના વાતાવરણે મારા સંસ્કારઘડતરમાં નાનોસૂનો ફાળો આપ્યો નહીં હોય. પણ તેમાંયે કોઈએ મને પ્રત્યક્ષ રીતે સંસ્કાર આપ્યા હશે તો તે મારી બાએ જ. ભાગ્યે જ મને કોઈ વાર સંસ્કાર અંગે શિખામણ આપી હશે. એની સંસ્કારિતાનું એ જ મોટું લક્ષણ હતું કે તે મૌનરૂપે મુખર હતી.

બા અનાવિલ ઘરની કુલવધૂ રહી હશે, રસિક પતિની પત્ની રહી હશે, પ્રસિદ્ધ સમાજસેવકનું ઘર સારી રીતે સંભાળનાર ગૃહિણી રહી હશે, ચંપારણ સત્યાગ્રહ પછી તેના ગામડામાં જઈને રચનાત્મક કામ કરનાર પંડિત રહી હશે, પરંતુ બાનું રૂપ જે મેં જોયું-જાણ્યું તે તો આશ્રમની પ્રૌઢ બહેન તરીકેનું. એ દુર્ગાબહેન ભલે મહાદેવભાઈના આગ્રહ અને પોતાના શોખને લીધે પોતાના પરિવારની રસોઈ ઘરે બનાવતાં હશે, પણ આશ્રમના રસોડામાં રોજ કલાકો ગાળીને એની કોઈક જવાબદારી પણ એ જ દુર્ગાબહેન સંભાળતાં. આશ્રમના કોઠારની વ્યવસ્થા જ્યારે ભાઈઓ બરાબર ન સંભાળી શક્યા ત્યારે આખી જવાબદારી બહેનોને માથે લઈ અને પાર પાડવામાં અગ્રણી દુર્ગાબહેન હતાં. આશ્રમજીવનને સમૂહજીવનની વાસ્તવિકતા આપી હોય તો તે એના વેદિયા વિચાર કે ફિલસૂફીવાળા ભાઈઓએ નહીં, પણ એનાં કિલ્લોલ કરતાં બાળકો અને દરેક કામને હોંશભેર પાર પાડતી બહેનોએ. મજા તો એ હતી કે એકબીજા સાથે બહુ ન બનતું હોય એવી ઘણીયે બહેનોને બા સાથે બનતું. એ બહેનો એકબીજાની નિંદા કરે એ બા સાંભળી લેતી ખરી પણ પોતે

તેમાં ઝાઝું ભળતી નહીં. બા ઘણાય મોટા લોકોની નાની વાતો જાણતી પણ કૂથલીમાં એને રસ જ નહોતો પડતો. એવા એકબે જણ વિશે તો જ્યારે જુવાનીમાં હું સ્વતંત્રપણે મારા પોતાના અભિપ્રાય ઘડતો થયો ત્યારે જ પોતાની નજરે જોયેલા કિસ્સા એણે મને સંભળાવેલા. આવી વાતો વરસો સુધી એ પેટમાં શી રીતે રાખી શકી હશે એની જ મને તો નવાઈ લાગેલી.

સંધિવાને લીધે બાની તબિયત હમેશાં કાંઈક ને કાંઈક રીતે બગડેલી રહેતી. એના ઓડકાર એટલે દૂરથી સંભળાતા કે એ આખા આશ્રમમાં વિખ્યાત હતા. એના પગ દાબી આપવા સારુ એ ઘણી વાર આશ્રમનાં છોકરાંઓને તેડી આણતી. એની ખરાબ તબિયતને કારણે જ અમારા ઘરમાં કામ કરનાર કામવાળી બાઈ રાખવામાં આવતી. પણ પચીસ–ત્રીસ વર્ષમાં એની કામવાળીઓ બહુ ઓછી બદલાઈ. બા પોતાની મર્યાદા જાણતી અને કામવાળીની મર્યાદા સહન કરી લેતી. તેથી એ કામવાળીઓ પરિવારની સભ્ય જેવી જ બની રહેતી. મને યાદ છે કે સેવાગ્રામમાં એક વાર અમારી કામવાળી હરિની માને મારા માથા પર હેતથી હાથ ફેરવતાં જોઈને ગુજરાતની એક પ્રસિદ્ધ સમાજસેવિકાને આશ્ચર્ય થયેલું. બા જ્યારે ગુજરી ગઈ ત્યારે વેડછીના ઘરમાં અમારી કામવાળી બધની સિવાય બીજું કોઈ નહોતું. તે વખતે બાએ એને કહેલું કે, 'તું જ મારી દીકરી છે.' તે બધની હમેશાં યાદ કર્યા કરે છે.

બાનો રસનો વિષય પાકશાસ્ત્ર હતો. બાની રસોઈ પર કાકા અને હું તો આફરીન હતા જ પણ કાકાના કેટલાય મિત્રો એ રસોઈનાં વખાણ કરતાં થાકતા નહીં. 'નવજીવન'માંથી થાકેલાપાકેલા જુગતરામકાકા કે બીજા કોઈ આશ્રમમાં પાછા આવે ત્યારે બા પાસેથી એમને ગરમ રસોઈ મળે. ભૂલાભાઈ દેસાઈ જ્યારે બાપુને મળવા આવે ત્યારે જમવાનું અમારે ત્યાં રાખે. એ આવે ત્યારે બા અચૂક રીતે પાતરાં કરે અને વરસોથી ઘરભંગ થયેલા ભૂલાભાઈ પોતાની સ્વર્ગસ્થ પત્નીને યાદ કરી અમારે ત્યાં અનાવલાની રસોઈ જમીને રાજી થતા. ચાના શોખીન કે બંધાણી કોઈ બાપુ પાસે આવે તો બાપુ જાતે જ એમને દુર્ગા પાસે મોકલી આપતા. માત્ર એક જ વાર મેં બાને રસોઈ અંગે અરુચિ દેખાડતી જોઈ છે. તે ૧૯૪૩માં કાકાના ગુજરી ગયા પછી આગાખાન મહેલમાં

બાપુના ઉપવાસ વખતે. સરોજિની નાયડુને ખાવાનો ભારે શોખ. દુર્ગાને જોઈને એમને એ શોખ જેલમાં પણ જાગી ઊઠ્યો. બાને એ રોજ નવી નવી વાનગી બનાવવાનું ફરમાન કરે. બસ ત્યારે એક વાર મેં બાને રસોઈ બનાવતાં કંટાળો બતાવતી જોઈ છે.

અને બાના હાથની રસોઈ ખાતાં માત્ર એક વાર મને અરુચિ થઈ છે. બા ગુજરી ગઈ એ સમાચાર પ્રવાસમાં અધવચ્ચે સાંભળ્યા બાદ પાછા ફરતાં ભુસાવળ સ્ટેશને એના હાથે બનાવેલ થેપલાં ખાતાં કોળિયો મારે ગળે ઊતર્યા નહીં.

બાના સ્વભાવમાં એક વિશિષ્ટ પ્રકારની ગૌરવશીલતા હતી. બાપુ જ્યારે છેલ્લી વાર આગાખાન મહેલમાંથી માંદગીને લીધે છૂટીને બહાર આવ્યા ત્યારે હું તો રેડિયો પર એ સમાચાર સાંભળીને પંદર મિનિટમાં ગાડી પકડીને બેંગલોરથી પૂના જવા રવાના થયેલો. રસ્તામાં મેં સુશીલાબહેનનું નિવેદન વાંચ્યું કે ગાંધીજીને મળવા આવીને મિત્રોએ હેરાન કરવા નહીં તેથી થોડો સંકોચ પણ અનુભવેલો. પણ પૂનાની 'પર્ણકુટિ' પર પહોંચ્યા બાદ ખબર પડી કે બાપુએ જેલમાંથી છૂટ્યા બાદ પહેલું કામ અમને યાદ કરવાનું કરેલું ત્યારે મનને થોડી નિરાંત થયેલી. છતાં એમને થાક ન લાગે એટલા સારુ ત્રણ અઠવાડિયાં સુધી પ્યારેલાલજીનું કામ કરતો હતો છતાં હું બાપુ સાથે બોલ્યો ન હતો. પણ બા તો બાપુના છૂટવાના સમાચાર સાંભળ્યા છતાં બાપુ પાસે આવી જ નહીં. દાક્તરોએ બધાને હળવામળવાની છૂટ આપી પછી બાપુએ પોતે કાગળ લખીને એને બોલાવી ત્યારે જ એ જુહૂ આવી હતી.

કાકાના ગુજરી ગયા પછી એનું ચૂડી અને ચાંલ્લા વિનાનું રૂપ હું જોઈ નહોતો શકતો. પણ એ પોતાના બધાં ક્રંદનને હૈયામાં જ ભરી રાખતી. એને બહાર પડવા દેતી નહીં. ૧૯૪૨ના ઑગસ્ટ પછીના છ-એક માસ બાને માટે ભારે કસોટીના હતા. પંદરમી ઑગસ્ટે જ હું પકડાતાં બચ્યો હતો. તે જ દિવસે કાકા ગયા. સોળમીએ અમે કાકાના ગુજરી જવાના સમાચાર સાંભળ્યા. તે ટાણે બાપુએ કરેલો તાર તો અલબત્ત બાવીસ દિવસ પછી સરકાર તરફે અમને પહોંચાડવામાં આવ્યો હતો. એ દિવસોમાં દેશ ખાતર કાંઈક કરી છૂટવા હું તલપાપડ હતો. અને કાકાને ગુમાવ્યા હતા અને ક્યાંક મને ન ગુમાવી બેસે એવો બાને

ધોખો રહેતો. તેથી એ મને આંદોલનમાં બાહાર પડવા દેવા ઈચ્છતી ન હતી. બીજી તરફથી એ મારી લાગણીઓ સમજતી અને મને હદથી વધારે વારી રાખવામાંય સાર નથી એ પણ સમજતી હતી. એટલે મારી લગામ બંને બાજુથી સંભાળવી પડતી.

મારાં લગન વિશેના વિચારો એણે ઘણા વખતથી કરવા માંડેલા. કેટલીક છોકરીઓ પણ એના ધ્યાનમાં ખરી. પણ અનાવિલ જ્ઞાતિમાં હું લગન નહીં જ કરું એવી વાત મેં દઢતાથી કરી દીધી હતી. તે વાત પણ એણે માની લીધી હતી. મેં જ્યારે ઉત્તરા જોડે લગન કરવાનું નકકી કરીને પછી બાને જણાવ્યું ત્યારે મારા મનમાં એની સંમતિ વિના લગ્ન નથી કરવાં એ નકકી હતું. પણ એણે તો છોકરીને જોયાજાણ્યા વિના જ 'તને ગમી એ મને ગમી' કહીને મને નચિંત કરી દીધો. બાપુ પાસે સંમતિ મેળવવામાં મદદ કરવાનું કામ એણે જ નરહરિકાકાને સોંપેલું. મારાં લગન પછી જેમને પોતાના જીવનમાં ફેરફાર કરવો પડચો તેમાં બા પણ એક ખરી. અમારા બંનેની તો પોતાની પસંદગી હતી. પણ બાને તો પરિસ્થિતિવશ ફેરફાર કરવાનો હતો. એનું ઘડપણ બેસી ચૂકચું હતું. એ ફેરફાર કરવામાં શરૂઆતમાં સાસુ-વહુ બંનેને તકલીફ પણ થઈ. ચિ. ઉમાએ અવતરીને આખા પ્રશ્નને કસોટીમાંથી અવસર બનાવી દીધો.

ભૂદાનના કામ નિમિત્તે મેં બાહાર ફરવાનું શરૂ કર્યું ત્યાર બાદ કોઈ કોઈ વાર કેટલાક લોકો બાને કોહતા ખરા કે 'નારાયણ તો તમારી પાસે પણ કોહતો નથી.' પણ બા એના જવાબમાં કોહતી, 'એના બાપ જેવું જ કામ એ કરે છે. એનો મને સંતોષ છે.' એણે કોઈ દિવસ મુસાફરી છોડીને પોતાની પાસે રોહવાનો આગ્રહ મારી આગળ કર્યો નથી. ભૂદાનયજ્ઞ નિમિત્તે પોતાની જમીન આપીને જ શરૂઆત કરવી જોઈએ એવી મારી વાતનો એણે પૂરા દિલથી ટેકો આપ્યો હતો. મહાદેવભાઈની ડાયરીનો પહેલો ભાગ પ્રગટ થયો પછી એ ચોપડી સારુ પ્રથમ કાંટાવાળા પુરસ્કાર મળ્યો. બનતાં સુધી પુરસ્કારની રકમ ત્રણસો રૂપિયાની હતી. કાકા વતી એ પુરસ્કાર લેવા હું અમદાવાદ ગયો હતો. અમદાવાદથી આવ્યો ત્યારે બાએ મને પૂછચું, 'એ પૈસાનું શું કરવાનો છે? ત્યારે મેં કહ્યું કે, 'એ પૈસા તારા છે. તું ચાહે તે રીતે એને વાપરી શકે

છે.' એનાથી એને ખૂબ સંતોષ થયો, પાછળથી એ જ પુસ્તક સારુ સાહિત્ય અકાદમીએ પાંચ હજારનો પુરસ્કાર આપ્યાં ત્યારે પણ એ રકમ વિશેની મારી ભૂમિકા તો પહેલાં જેવી જ હતી. પેલા ત્રણસો રૂપિયા તો બાએ અમારા અંગત ખર્ચ માટે વાપર્યા હતા. પણ પાંચ હજાર વિશે એણે પૂછ્યું, 'તને આ પૈસાનો કેવો ઉપયોગ કરવો ગમે?' મેં કહ્યું, 'એ પૈસા તારા છે. તું કહે તેમ જ એ વાપરીશું. પણ મને પૂછે તો હું કહું કે ભૂદાનયજ્ઞનું કામ કરનાર મારા મિત્રોના નિર્વાહ સારુ એ પૈસા ખર્ચાય તો મને ગમે. એણે એક ક્ષણ પણ ખચકાયા વિના કહ્યું,'એ જ એનો સાચો ઉપયોગ છે. આપણે એમ જ કરીશું.' એ રકમ દુર્ગાબહેન દેસાઈ તરફથી ભૂદાન કાર્યકરોના નિર્વાહ સારુ આપવામાં આવી. ત્યાર બાદ થોડા દિવસો પછી જ બા ગઈ. બાનું એ છેલ્લું પુણ્યકાર્ય હતું. એના પહેલાં એ પોતાની પાસેનાં માતૃક સંપત્તિનાં ઘરેણાં પૈકી મોટા ભાગનાં શ્રી જયપ્રકાશ નારાયણને આપી ચૂકી હતી.

ત્યાગ એ એને માટે એટલો સ્વાભાવિક ગુણ હતો કે તે ત્યાગ મટી સ્વભાવ બની ગયો હતો. જિંદગીમાં એક પછી એક કરેલ ત્યાગ અને કુરબાની અંગે અમે એને મોઢે કદી વાત સાંભળી નથી. ગંગા કાંઈ કહેતી હશે ' હું પતિતપાવની સુરસરિતા છું' !

(૩)

બાના વ્યક્તિત્વમાં એક સ્વાભાવિક ગરિમા હતી. એમ તો એણે પોતાનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ મારા પિતાશ્રીને સારુ જ સમર્પિત કરી દીધું હતું એમ કહેવાય પણ એની આગવી પ્રતિભા એનાથી જરાય ઓછી થઈ નહોતી. એ પોતાના નિર્ણય સ્વતંત્રપણે લઈ શકતી અને મોટે ભાગે એ નિર્ણયો પિતાશ્રી માન્ય રાખતા. ડેલાંગના ગાંધી સેવા સંઘના સંમેલન વખતે જ્યારે બા કસ્તૂરબા સાથે જગન્નાથપુરીના મંદિરમાં દર્શન કરી આવી ત્યારે બાપુનો ઠપકો સાંભળી પિતાશ્રીએ ગાંધીજીની સેવા કરવાને પોતાને અયોગ્ય ગણીને ગાંધીજીનો સાથ છોડવાનો વિચાર કરેલો. પણ બાએ એ નિર્ણય માન્ય નહીં રાખેલો અને મેં પણ એને જ ટેકો આપેલો. છેવટે પિતાશ્રીએ બાપુનો સાથ ન છોડવાનો નિર્ણય કરેલો. આશ્રમવાસીઓમાં પણ બાનું એક આગવું સ્થાન હતું. સામાન્ય

રીતે એ બહુ ચર્ચાઓમાં ન પડતી, પણ એની સલાહ નાનામોટા સૌ કોઈ પૂછતા અને એની વાતનું વજન પડતું.

કાકાના કામને લીધે આખી જિંદગી બાની તો તાવણી જ થઈ. મારા કામને લીધે એની ઉત્તરાવસ્થામાં પણ એ તાવણીમાં વૃદ્ધિ જ થઈ હશે. પણ એના મનમાં બાપુના કામ અંગે ગૌરવ હતું. મહાદેવભાઈની સહધર્મચારિણી હોવાનું એના મનમાં ગૌરવ હતું પણ ઘમંડ નહીં. એ ગૌરવને વટાવવાનો એણે કદી પ્રયત્ન કર્યો નથી. પણ કોઈ કોઈ વાર એની વાતચીતમાં, તો કોઈ વાર એના લખાણમાં પ્રગટ થતું. ઠેઠ ૧૯૨૦માં એણે શ્રી નરહરિ પરીખને લખેલો નીચેનો પત્ર બાના ચરિત્રનો સારો ચિતાર આપી જાય તેવો છે. મહાદેવભાઈ જેલમાં ગયા બાદ તેઓ નરહરિભાઈને લખે છે :

'તમને તે પ્રિય ભાઈ લખું કે બાધાભાઈ!

'બાધા એટલા માટે કે તમે તો જાણો છો કે મને કેટલી કેળવણી મળી છે ને મારું જ્ઞાન કેટલું છે છતાં તમો લખો છો કે હવે તમે એડિટર થાઓ. તોપણ એટલું તો અભિમાન મને છે કે હું એવા વીરની પત્ની છું કે જેની લેખનીનો તાપ સરકાર જીરવી ન શકી.

'તમે લખો કે મોજ કરો. હું તો મોજ જ કરું છું કારણ અમે શરીરથી જુદાં પડ્યાં છીએ પણ અમારાં હૃદયને કોણ જુદાં પાડી શકે એમ છે? જ્યારથી તેઓ જેલમાં ગયા ત્યારથી દિવસના અને રાત્રે સ્વપ્નમાં પણ એમનો 'પંડિત' 'પંડિત'નો ધ્વનિ મારા આગળ ગુંજ્યા કરે છે. અને એ ધ્વનિની સાથે હું મારા હૃદયને રમાડી રહી છું.

'માત્ર તેઓને મળવા ગઈ ને ત્યાં એમની સાથે જે વર્તન રાખવામાં આવ્યું છે અને પંડિત મોતીલાલજી અને જવાહરલાલજીની સાથેના વર્તનને સરખાવું છું ત્યારે કંઈક દુઃખ થાય છે. પણ મોતીલાલજી તો સિંહ છે. એમનાથી સૌ ડરે છે પણ એ લોકોને ખબર નથી કે એ પણ સિંહના જ બચ્ચા છે. સિંહના બચ્ચાને પાંજરામાં પૂરીને સતાવે તેમાં શું? બહાર રાખીને સામે બાથ ભીડે ત્યારે ખરી મરદાની.

'એમનું કામ દેવદાસભાઈએ ઉઠાવી લીધું છે. અને એમને પકડે તો બીજા પણ નિભાવી લેશે એની એ લોકોને ખબર છે? એ લોકોની બુદ્ધિ બગડી છે. એ તો વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.

'મને જરાય દુ:ખ થતું નથી. કારણ હું તો એમને કોર્ટમાં મૂકીને આવી ત્યારે ઈશ્વરને સોંપીને આવી હતી. મને વિશ્વાસ છે કે જેની ઈશ્વર રક્ષા કરે તેની ઉપર ગમે તેટલી મુસીબતો સહન કરવાની (આવે) પણ એના આત્માને કોણ હાનિ પહોંચાડી શકે એમ છે? મને ધીરા ભક્તના ભજનનાં વાક્યો પર પૂર્ણ વિશ્વાસ છે:

**જેને રામ રાખે રે તેને કોણ મારી શકે?**
**અવર ના દેખું રે, બીજો મારા પ્રભુ પખે.**

'હવે દેવદાસભાઈના પકડાવાની રાહ જોઈ રહી છું. ત્યાર પછીથી આશ્રમમાં આવીશ. છોટુભાઈને કહેજો કે મારી બાને કહે કે મને ઈશ્વરે પૂર્ણ હિંમત આપી છે. મારી ચિંતા ન કરે.

લિ. દુર્ગાના પ્રણામ'

ગાંધીજી સાથે જોડાયાને આ પત્ર લખ્યો ત્યારે તો માત્ર ત્રણ વર્ષ થયાં હતાં. પણ બા ભગતના ઘરની દીકરી હતી. એટલે એનામાં ઈશ્વરશરણની શક્તિ હતી. અને એ ત્રણ વર્ષ દરમિયાન એણે ચંપારણનો સત્યાગ્રહ અને અમદાવાદના મિલમજૂરોના 'ધર્મયુદ્ધ'નો રસ પી લીધો હતો. તેને લીધે એની વાણીમાં સત્યાગ્રહી નારીની તેજસ્વિતા આવી હતી.

૧૯૪૨ના આંદોલનના આરંભમાં જ અમારા આખા પરિવારની કસોટી થઈ. પિતાશ્રી તો એક અઠવાડિયું પણ પૂરું ન થયું તે પહેલાં જ આગાખાન મહેલમાં બાપુના ખોળામાં માથું મૂકીને ગયા. તે જ દિવસે વર્ધા પાસે દેવલી ગામે હું પકડાતો પકડાતો બચી ગયો. પોલીસની ગાડી આવી ત્યારે અમે જે બે સાથી સભા કરવા જતા હતા તેમાંથી રામકૃષ્ણ બજાજ ભાગીને ખેતરોમાં છુપાવાનો પ્રયત્ન કરવા લાગ્યા. તેથી પોલીસ એની પાછળ પડી ને પકડી લીધો. હું ત્યાંનો ત્યાં જ ઊભો રહ્યો એટલે મને થોડી પૂછપરછ કરીને છોડી દીધો. બીજે દિવસે (૧૬મી ઑગસ્ટ) અમે પિતાશ્રીના મૃત્યુના સમાચાર સેવાગ્રામમાં સાંભળ્યા. ત્યાર પછી મારી અને બાની કસોટી થઈ. મારી ઇચ્છા પિતાને પગલે લડતમાં ભળીને જેલમાં જવાની કે જરૂર પડે તો મોત વહોરવાની હતી. બાને પતિ ગયા, ને એકનો એક દીકરો જાય એ પોસાય એવું નહોતું. જે

વડીલો હતા તે સૌએ પણ મને બા સાથે જ રોકાઈ જવાની સલાહ આપી. પણ મારા ઘટડામાં ઘોડા થનગનતા હતા. બા એ વાત બરાબર સમજતી હતી. તેથી એ હું એની પાસે રહું એમ ઇચ્છતી હતી છતાં કાંઈ કર્યા વિના મૂંઝાયા કરું એમ નહોતી ઇચ્છતી. એટલે મને મારી નાનીમોટી પ્રવૃત્તિઓમાં પ્રોત્સાહન આપતી રહેતી. સેવાગ્રામથી અમે દિહેણ ગયાં તેમાં સેવાગ્રામમાં મારા પકડાઈ જવાની શંકા એ પણ એક કારણ હશે. દિહેણમાં મેં પાછી પ્રવૃત્તિ શરૂ કરી ત્યારે ત્યાંથી અમે વળી પાછાં વલસાડ ને મુંબઈ ખસ્યાં. પણ દરેક ઠેકાણે જતાં પહેલાં બા મારી સંમતિ મેળવી લેતી અને મને વધારેપડતું તાણાવું ન પડે એનો ખ્યાલ રાખતી. આમ કહેવાતું એમ હતું કે પિતાશ્રીના ગયા પછી એનો ખ્યાલ રાખવા હું એની સાથે રહ્યો છું, પણ ખરેખર તો એણે જ મારો ખ્યાલ રાખ્યો હતો.

મેં જ્યારે સામાન્ય શાળામાં ન ભણવાનો નિશ્ચય કર્યો ત્યારે (ઉંમર વરસ બાર-તેર) બાના મનમાં એમ રહેતું કે નિશાળે ન જવાનો પસ્તાવો એને પાછળથી ન થવો જોઈએ. એટલે ઘણી વાર મને શાળામાં જવાનો આગ્રહ કર્યા કરતી. પરંતુ એ આગ્રહની પણ એક મર્યાદા હતી. તેમાં સ્નેહ હતો, પણ દબાણ નહોતું. છેવટે એ નિર્ણય તો મારે જ કરવાનો હતો અને એનાં જે કંઈ પરિણામો આવે તે મારે ભોગવવાનાં હતાં એ વાત પિતાશ્રીની માફક બાએ પણ સમજી લીધી હતી. મારા જીવનના ઘણા નિર્ણયો વિશે એણે એ જ ભૂમિકા નિભાવી હતી. અનાવલાના દીકરા સારુ કિશોર અવસ્થામાંથી જ માગાં આવવા લાગ્યાં હતાં. બા કાંઈ કોઈ છોકરી અંગે વિચાર પણ કરતી થઈ ગઈ હતી. મહાદેવભાઈનો દીકરો એટલે વાંકડો તો નહીં જ લે એ વિચાર પણ માગું કરનાર વડીલોના મનમાં કામ કરતો હશે. એ બધું જોઈને મેં એક વાર બાને કહી દીધું કે, 'મેં એટલો તો નિશ્ચય જ કરી નાખ્યો છે કે અનાવિલ જ્ઞાતિમાં લગ્ન નહીં કરું.' બાએ મારો એ નિર્ણય માન્ય રાખેલો અને પછી કદી એણે એ બાબત મન નહીં દોડાવેલું. જ્યારે મેં કહ્યું કે, 'મારી પસંદગી હું જ કરીશ,' ત્યારે તે પણ તેને મંજૂર હતું અને તેમ જ થયું.

પિતાશ્રી ગુજરી ગયેલા ત્યારે જેલમાંથી જ શ્રી જુગતરામકાકાએ પત્ર લખીને વેડછી આવવાનું અમને બંનેને નિમંત્રણ આપેલું. પણ ત્યારે અમે એનો વિચાર નહોતો કર્યો. પાછળથી ૧૯૪૭માં જ્યારે અમે આખું ગુજરાત ફરી વળ્યા પછી વેડછીમાં સ્થિર થવાનો નિર્ણય કર્યો ત્યારે તેમાં બાએ ખુશીથી સંમતિ આપી અને બા વેડછી આવી તેથી જુગતરામકાકા તો રાજીના રેડ થઈ ગયા. 'આપણા આશ્રમને બા મળ્યાં,' એવી જાહેરાત તેમણે તે દિવસે પ્રાર્થનામાં કરી હતી. વેડછીની ગ્રામશાળા છોડીને ભૂદાનમાં જોડાવાનો મેં નિર્ણય કર્યો ત્યારે તેમાં પણ બાની સંમતિ હતી. જે કામ થાય છે તે આખું બાપુનું કામ થાય છે. એ જ એના મનનો મોટો સંતોષ હતો. બાપુની હત્યાના સમાચાર આવ્યા ત્યારે બા વલસાડ હતી અને હું વેડછી હતો. બા દોડીને વેડછી આવી. એકબીજાને જોઈને અમારાં આંસુના બંધ ખૂલી ગયા. પછી મેં બાને પૂછ્યું, 'તારે દિલ્હી જવું છે? જવું હોય તો હું લઈ જાઉં.' ત્યારે બાએ જવાબ આપ્યો, આપણે દુ:ખના દેખાડા ઓછા કરવાના હોય! આપણે તો અહીં બેઠાં જ બાપુને હૃદયમાં જાળવી રાખવાના.' એ દેખાડા વિનાના દુ:ખમાં જ બાનું આખું વ્યક્તિત્વ છુપાયેલું હતું.

મહાદેવભાઈને લીધે આખી દુનિયા દુર્ગાબહેનને ઓળખતી જ. પણ ઘણાય એવા હતા કે જે દુર્ગાબહેનને દુર્ગાબહેન તરીકે જ ઓળખતા. આશ્રમમાં બીજા વડીલો મારે સારુ કાકા હતા, પણ સ્વામી આનંદ મામા હતા. મૂળ તો સ્વામીને અને મહાદેવભાઈને દોસ્તી. પણ અમારા પરિવારમાં એમનો સંબંધ મામા તરીકનો. જુગતરામભાઈ મારી બાના સમવયસ્ક અથવા કદાચ એનાથી થોડા મોટા હશે. પણ બા વિશે ખૂબ આદરભાવ રાખતા. પત્રમાં હમેશાં એને 'પૂજ્ય' એમ સંબોધન કરતા. કેદારનાથજીને જ્યારે મળું ત્યારે એ મહાદેવભાઈ કરતાં પણ વધુ દુર્ગાબહેનને યાદ કરતા. સાબરમતી આશ્રમમાં એક ઘાયલ વાંદરીની બાએ જે રીતે સેવા કરી હતી તેની પ્રશંસા કરતાં નાથજી કદી થાકતા નહીં. હરિજન આશ્રમમાં શ્રી ચુનીભાઈ ભક્ત (મોટા) અમારા પાડોશી હતા. એ 'મોટા' થયા પછી એક વાર હું રાંદેર એમને મળવા ગયો ત્યારે મારી બાનું સ્મરણ કરી એમની આંખો છલકાઈ ગયેલી. એ કહે, 'દુર્ગાબહેનની તો વાત શું કરું? એક વાર હું આશ્રમમાંથી ક્યાંક બહાર જવાનો હતો,

ત્યારે જતી વખતે સહજ એમને પગે લાગ્યાં. એમણે મારા માથા પર હાથ મૂકયો. અને શું કહું? જાણે કે એમના હાથમાંથી મારામાં વીજળીનો પ્રવાહ વહી ગયો, ત્યારે મને સમજાયું કે એમનું કેવું સત છે.'

શિશુ જેમ માને નામના નશામાં
સાદ દે છે
બોલતાં આવડે છે એના મુખે
માનું નામ તે દે છે.
તેમ હું તારું નામ લઉં
લઉં નાના છળે
બોલું એકલ બેસી પોતાના
મનની છાયા તળે.

---

Acc. No. 130330
Date 13-9-2010

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

## શ્રી મહાદેવભાઈ દેસાઈ જન્મશતાબ્દી ગ્રંથમાળા



| | | |
|---|---|---|
| ૧. મહાદેવભાઈ દેસાઈ : સત્ત્વ અને સાધના | ચંદ્રકાંત શેઠ | ૧૦.૦૦ |
| ૨. કિશોરલાલ મશરૂવાળા | કેતકી બલસારી | ૧૦.૦૦ |
| ૩. મીરાંબહેન | જયન્ત પંડ્યા | ૮.૦૦ |
| ૪. વણછા વિનાના વડલા : મહાદેવભાઈ દેસાઈ | નારાયણ દેસાઈ | ૮.૦૦ |
| ૫. ગાંધી અર્થવિચારના પ્રખર ભાષ્યકાર : ડૉ. જે. સી. કુમારપ્પા | મગનભાઈ જો. પટેલ | ૭.૦૦ |
| ૬. નરહરિભાઈ પરીખ | [illegible] દેસાઈ | ૭.૦૦ |

માર્ચ - ૧૯૯૫ સુધીમાં આ છ [illegible]
રૂ. ૫૦.૦૦ને બદલે રૂ. ૪૦.૦૦મા [illegible]
ત્યાર બાદ તે છાપેલી કિંમતે વેચાણમાં રહેશે.

Library IIAS, Shimla
GJ 891.47092 D 451 M
00130330

SABARMATI ASHRAM
001829 Ahmedabad
MAHADEV BHAI DESAI
GUJ.
MRP : Rs. 4